
રાજા ભરથરી.



પિંગળા—ભેખરે ! ઉતારો રાજા ભરથરી

Copy મૂલ્ય આઠ આના Right

તૈયાર છે તૈયાર છે તૈયાર છે

ચોકટનો એક્કો સચિત્ર.



રૂપી પેલીગની અદ્ભત વાર્તાં
ક-ત નવ આનાની ટીકિ બીડી આજેજ મગાવો

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૧૨૪૩૪ वर्गांक

पुस्तकनु नाम રાજા ભરથરી

विषय

શ્રી પરમાત્મને નમ ! ૐ શ્રી સરસ્વત્યૈ નમઃ

માલવપતિ યોગેન્દ્ર

—શ્રી:—

રાજા ભરથરી

—:યાને:—

"પ્રેમને ચરણે !"

प्रेमान्धो नैव पश्यति ! પ્રયોજક – कामान्धो नैव पश्यति !
(યોગેન્દ્ર ભર્તૃહરિ) "પુષ્પ" (પિંગળા)

(આ પુસ્તકના તમામ હક હોવાથી શ્રી પ્રાણજીવન પુસ્તકાલય"ના ભાગમા આવેલા હોવાથી કોઇ પણ માણસે એ પુસ્તકાલયના માલીકની પરવાનગી સિવાય એમાથી ઉતારો કરવો નહી સર્વાધિકાર પ્રકાશકને સ્વાધીન છે)

પ્રકાશક —

ઠા૦ પ્રાણલાલ જીવણલાલ બુકસેલર અને પબ્લીશર
"શ્રી પ્રાણજીવન પુસ્તકાલય" તારઓફિસ સ્હામે–સુરત

આવૃત્તિ–ચોથી સંવત્ ૧૯૮૨ પ્રત ૩૦૦૦

મૂલ્ય રૂ ૦–૮–૦.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ ૧૨૪
ગુજરાતી કૉપીરાઈટ સંગ્રહ

"બે બોલ"

પરમકૃપાળુ પરમાત્માની અમી નજરથી, અને જનસમાજના અકલ્પિત અગાધ ઉત્તેજનને પ્રેરાઈ "રાજા ભરથરી" આજે ઘણાજ સુન્દર સુધારા વધારા સાથે ચોથી વાર બ્હાર પડે છે તૃતિયાવૃત્તિની ચાર હજાર પ્રતો બ્હાર પડયાને ફક્ત પાંચજ માસ જેટલી ટુંક મુદ્દતમાં એની ચોથી આવૃત્તિ થવી એજ એની લોકપ્રિયતાનું દર્પણ !

રાજર્ષિ ભર્તૃહરિ ! જ્યારે પોતાની નૂતન-પત્ની પિંગળાના પ્રેમ મુગ્ધ અને પાગલ બની, એક વનિતાના કૃત્રિમ વ્હાલ અને વચન વિશ્વાસ રાખી, સ્ત્રી-ચરિતમાં ફસાઇ પોતાના વિક્રમ જેવા પવિત્ર પ્રમાણિક વીર બંધુને દેશવટો દે છે, ત્યારે **प्रेमान्धो नैव पश्यति !** એ સૂત્રનું રહસ્ય સર્વાંશે સમજાય છે

તદ્ અનુસાર જ્યારે કામાંધ અને વિશ્વાસઘાતી રાણી પિંગળા માલવ-નાથ જેવા ધીર વીર, અને સાચ્ચા પવિત્ર પ્રેમી ભૂપતિ ભરથરીને તજી, એક નીચ અને નિર્દય એવા અશ્વપાલ સાથે પ્રેમ બાંધી, તેનો માર પણ મુંગે મ્હોડે સહન કરે છે, ત્યારે **कामान्धो नैव पश्यति !** એ ઉક્તિનું તાત્પર્ય આપોઆપ વર્તાય-ઉકેલાય છે

રાજા ભરથરી જ્યારે વિક્રમસંગળ, અને તુલસીદાસની માફક કેવળ પ્રેમમાં અંધ હતો, ત્યારે પાપિષ્ઠ પિંગળા વીર કુણાલની અપરમા તિષ્યરક્ષિતા અને અર્જુનના રૂપલાવણ્યે ભાન ભૂલેલ ઉર્વશીની માફક કામમાં અંધ હતી ફર્ક માત્ર એટલોજ કે તિષ્યરક્ષિતા અને ઉર્વશીની મોહાસક્તતા તથા પસંદગી પિંગળા કરતાં કંઈક ઉચ્ચતર પાત્રે હતી

સામાન્ય વર્ગ પણ હેલેથી આ કાવ્ય-કથાનો સંપૂર્ણ રીતે લાભ લઇ સમજી શકે એ ઉદ્દેશ લક્ષમાં રાખી ભાષામાં અધિકાંશે, સરળતા તથા માધુર્ય સીંચવામાં આવ્યા છે

પ્રભો ! પ્રયોજક તથા પ્રકાશક ઉભય બંધુઓની શુભાભિલાષાઓ પૂર્ણ કરી સદૈવ સન્માર્ગે પ્રેરો ! એજ એક માત્ર નમ્ર પ્રાર્થના

સંવત-૧૯૮૭
કાર્તિક સુદી પ્રથમા

ભવદીય, સાહિત્ય-પ્રેમી "પુષ્પ"
ગમનલાલ હીરાલાલ જરીવાલા
વાડીફળીઆ પગથીઆશેરી-સુરત.

—:ૐ:—

શ્રી

સમર્પણ !

પરમ પૂજનીય અધ્યાપક શ્રી—

ઇંદ્રવદન ઉમેદરામ સ્માર્ત

સંસ્થાપક અને સંચાલક –'સ્માર્ત સ્કુલ ઑફ કૉમર્સ–સુરત'

આપશ્રી !

મ્હારા શિક્ષક હોવા છતાં, મ્હારી તરફ એક લઘુ–બાંધવની

માફક શુભ લાગણી અને સદ્‌ભાવ આજ પર્યંત ધરાવતા

આવ્યા છો, અને હજુય ધરાવો છો,

એથી મેઘરાઇ–મુગ્ધ થઇ, હું મ્હારી

પવિત્ર **યાદગીરી** તરીકે

આ કાવ્યમય કૃતિ આપના શ્રી ચરણોમાં સમર્પી આજે

કૃતાર્થ થાઉં છું

સમર્પનાર —આપનો નમ્ર, વિનિત, વિદ્યાર્થી,

" પુષ્પ "

પૂર્વ-વૃત્તાન્ત.

ઉમાપતિ શંકર ભગવાન, કે જે ભોળા મહાદેવને નામે જગતમાં જાણીતા છે, એમના અલૌકિક એવા કૈલાસ ધામમાં નૃત્યકળા, સંગીત આદિ માટે સ્વર્ગની અપ્સરાઓ આવતી હતી સ્વય ગૌરીપતિને પણ તાંડવ નામક નૃત્યનો શોખ હતો એક સમયે કોઇ એક અપ્સરા ઇંદ્ર-ભુવનથી નિકળી કૈલાસ પ્રતિ પગલાં ભરી રહી હતી એવામાં મધ્ય વાટે ઇંદ્રના સુત સાથે તેનો અચાનક ભેટો થયો ઇંદ્ર-તનુ એ અપ્સરાને જોઇને નિજ દેહ-ભાન ભુલી ગયો, અને તેની સાથે તેણે ભોગવિલાસ કર્યો આમ અધવચ્ચ રોકાયાથી અપ્સરાને કૈલાસમાં જતાં નિત્યનિયમ કરતાં તે દિને મોડું થયું શિવજી ક્રોધે ભરાયા, અને કારણ પૂછતાં અપ્સરાએ અથથી માંડી ઇતિ પર્યંત સવિસ્તર ઘટના નિવેદન કરી પાર્વતીપતિ ઇંદ્રતનુનો આ અપરાધ ને નિન્દ્ય વર્તન જોઈ ખિજાયા અને તત્કાળ તેમણે શાપ દીધો કે –"જાવ, એ ગર્દભ થઇને સંસારમાં જીવન ગાળો" સ્વર્ગાધિપતિ ઇંદ્ર કે જે આ સમયે કૈલાસમાં હતા, તે શિવજીને પોતાના પુત્રની ભૂલને માટેના શાપનો અનુગ્રહ કરવા કરગર્યા, અને કહ્યું કે, 'હે ! પ્રભો ! એમાં એ નાદાન બાળકનો દોષ નથી, પરન્તુ વાંક જુઓ તો ભલભલાને ભ્રષ્ટ કરનાર મન્મથનો છે" શિવ શાન્ત થયા, અને કહ્યું કે "જો સંસારમાં ગર્દભદેહે રહ્યા છતાં પણ એ સત્કર્મ કરશે, ને હમેશા મ્હને સંભારશે, તો થોડા સમયમાં પુનઃ પાછો પૂર્વ સ્થિતિમાં આવી જશે" શાપાનુસાર ઇંદ્ર-તનય અવનિતલ ઉપર એક કુંભારને ત્યાં ગધેડો થઇ અવતર્યો તે હરહમેશ રાત્રે નરદેહ ધારણ

કરતો અને દિવસે ગર્દભ–દેહમાં રહેતો એક સમયે રાત્રિએ કુંભાર ઓચિંતો "મ્હારે પરણવું છે" એ શબ્દ સાંભળીને ચમકી ઉઠયો તપાસ કરતા ગધેડાની જગ્યાએ માનવ દેહને આ શબ્દો ઉચ્ચારતો જોઇ તે આશ્ચર્ય પામ્યો ઇંદ્રસુતે ગભરાયલા કુંભારને પોતાની કર્મકથા કહી, "શું કરવું" તે સૂચવ્યું બીજેજ દિને કુંભારે પોતાના ગધેડા સાથે તે નગરના રાજાને તેની ત્રણે રાજકુંવરીઓ પરણાવવા કહ્યું રાજાને કુંભારની વાત ઉપર વિશ્વાસ ન આવ્યો, અને જો એ સાચોજ ઇંદ્ર-કુમાર હોય તો મ્હારા 'નગરનો કોટ કાંચનનો કરે,' એમ કહ્યું કુંભારે રાત્રે નરદેહધારી ઇંદ્રસુતને એ પ્રમાણે કહ્યું જેના પ્રત્યુત્તરમાં ઇંદ્રસુતે પાઠવ્યું કે 'રાજાને જઇને કહેજે કે ત્હારો એક અનુચર કોટની આસ-પાસ ફરી આવતાજ ત્હારી ધારણા ફળીભૂત થશે પરંતુ જો તે પાછું ફરી જોશે, તો કોટ તમામ ત્રાંબાનો થઈ જશે ' બીજે દિને ભરી સભામાં કુંભારે રાત્રિની વાત કહી રાજાનાથી એક અનુચર કોટની આસપાસ ફરવા ગયો પરન્તુ અર્ધ દુર્ગ ફર્યા બાદ 'શું થયો હશે ?' એ જોવા તેણે સ્હેજ પાછું જોયું, ને કોટ ત્રાંબાનો થઈ ગયો ત્યારથી તે નગરનું નામ તામ્રાવતી ઉર્ફે ત્રાંબાવતી પડ્યું જે આજે ખંભાત કહેવાય છે પોતાની ત્રણે પુત્રીઓને રાજાએ ગર્દભ સાથે પરણાવી, અને જતે દિવસે પુત્રીઓને ગર્ભ રહ્યા એક રાત્રે પોતાની ગર્દભ–દેહ ઘોડારમાં છોડી નરદેહ ધારી ઇંદ્રસુત ત્રણે સ્ત્રી સાથે ભોગ વિલાસ કરતો હતો એ અરસામાં લાગ જોઈ રાજાએ એ ખોળીયું ફુંકી મૂક્યું એ આશાથી કે "ખોળું બાળી નખ્યા બાદ જમાઇને પુન પ્રવેશવાનું નહિ મળે; અને પછી હરહમેશને માટે નર-દેહમાંજ રહી પોતાની પુત્રીઓ સાથે રાજપાટ ભોગવશે" પરન્તુ "વિનાશકાળે વિપરીત બુદ્ધિ" અનુસાર

શાપિત ઇંદ્રતનુ પણ ગર્દભ દેહનુ ખોાનુ સળગતાજ સળગી જઇ પોતાની પૂર્વાવસ્થા પામી શાપ મૂકત થયે, અને નગ્ર આખુએ પ્રજળી ગયુ કેવળ જીવ બચાવવા રાજાની ત્રણ ગર્ભવતી પુત્રીઓ ન્હાસી ગઇ જ્યા તેમને અનુક્રમે **વિક્રમ–ભટ્ટી–ભર્તૃહરિ** એમ ત્રણ પુત્રો થયા માતાઓનો વૈકુંઠવાસ થતા તે ત્રણે યોગીઓના આશ્રમે ફરી મોટા થયા, અને તેમાથી પછી ભાગ્યયોગે ભર્તૃહરિ માળવાનો ધણી થયો આ માલવપતિ ભર્તૃહરિને ત્રણસો સાઠ નારી હતી જેમા પિંગળા સૌથી અધિક વ્હાલી, માનીતી પટ્ટરાણી હતી એવુ બન્યુ કે એક વેળા ભર્તૃહરિની ગેરહાજરીમા તેણે પોતાના દિયર વિક્રમ પાસે પ્રેમ–યાચના કરી, પરન્તુ વિક્રમે તેને સદ્બોધ દઇ સમજાવી દીધી હતાશ રાણીએ ઢોંગથી માડી તો વાળ્યુ, પરન્તુ દીલમા અપમાનનો દુખ લાગી ગયો દુર્મેધા નામની દાસીએ રાણીને આગળ જતા અધમ એવા અશ્વપાલ સાથે કૂપથે ઉતારી વિલાસી ભર્તૃહરિએ રાજ્યપાટ વિક્રમને સોંપ્યા અને પોતે ચોવીસે કલાક પિંગળના અંતઃપુરમાજ પડયો પાથર્યો રહેવા લાગ્યો. થયુ એમ કે એક વેળા રાણીના યાર અશ્વપાલને વિક્રમે કંઇ ભૂલને માટે માર માર્યો, તેને માટે તેણે રાણીના કાન ભંભેર્યા મૂળે રાણી પિંગળા વિક્રમ ઉપર કીધેલા અપમાનનુ વૈર વાળવા મથતી હતી, તેમા આ બનાવે અગ્નિમા ઘૃતાહુતિની ગરજ સારી વિક્રમે પોતાના ઉપર બળાત્કાર કર્યો છે, એવુ પ્રેમાંધ ભરથરીને ભેરવી નિર્દોષ વિક્રમને દેશનિકાલ કરાવ્યો એજ વેળા કોઇ એક બ્રાહ્મણે રાજાને અમરફળ લાવી સભામા આપ્યુ યોગી મહાત્માની આ પ્રસાદી આરાગી અમર થવા રાજાએ તે વ્હાલી પિંગળાને આપ્યુ પિંગળાએ હલકા એવા પ્રેમી અશ્વપાલને આપ્યુ, અને અશ્વપાલે પોતાની રખાત એવી વેશ્યા કલાવતીને આપ્યુ વેશ્યાને વિચાર થયો કે આ અમરફળ

ખાઇને મ્હારે સન્માને માટે આવો નીચ ધંધો કરવો એથી તો રૂડું આ નગરના પ્રજાપાલક ભૂપતિને ચરણે ભેગ ધરવું વારાંગનાએ ફરીથી એજ ફળ રાજ્યદરબારમાં લાવી ભર્તૃહરીને ચરણે ભેટ ધર્યું રાજા વ્હેમાયો, ને છેવટે પિંગળાના ભેદનો ભ્રમ ખુલી ગયો પાપનો ઘડો ફુટતાજ અશ્વપાલને શહેર બ્હાર કાડવામાં આવ્યો, ને પ્રેમાંધ એવા રાજાને સંસાર અસાર છે, એમ ભાન થયું કહેવાય છે કે પિંગળામાં મુગ્ધ એવા રાજાએ પોતાની યુવાનીમાજ શૃંગાર-શતક રચ્યો હોવા જોઇએ રાજાને આ પછી રાજપાટ ઉપર વિરાગ આવ્યો, અને તે યોગી થઇ ગયો આ સમયે તેણે વૈરાગ્યશતક રચ્યો ગુરૂ ગોરખનાથની દીક્ષા લઇ એ જીવનભર રાજયોગી રહ્યો કહેવાય છે કે અમરફળ એ પછી એ પોતેજ ખાઇ ગયો હતો જેથી હજુ એ જીવે છે રાણી પિંગળા પણ આ પછી સુધરી ગઇ, અને અવશેષ જીવન એણે પ્રભુ-ભક્તિમાં પસાર કર્યું માળવાની ગાદી ભાઇની ઇચ્છાથી પછી વિક્રમે ભોગવી

દંત-કથા

એક વસ્તુ ઉપર પ્રમાણે છે તો દ્વિતીય દંતકથા આમ પણ છે ભર્તૃહરિ પિંગળામાં અત્યંત આશક્ત હતો એક વેળા તેણે પિંગળા પોતાને સાચા હૃદયથી ચ્હાય છે કે નહિ ? તે જોવા શિકારેથી પોતાના અનુચર સાથે લોહીવાળાં કપડાંની નિશાની આપી અમંગળ સમાચાર કહાવ્યા, કે –"રાજાને જંગલમાં સિંહે ફાડી ખાધા" આ શબ્દો સાભળતાજ "હા પ્રાણનાથ !" કરતાં પિંગળા પડી, અને તત્કાળ તેનો પ્રાણ છૂટી ગયો. (કેટલાકનું માનવું એમ પણ છે કે, એ કપડાં લઇ રાણી સતી થઇ)

(સરખાવો–ગીતગોવિંદના કર્તા કવિ જયદેવની પત્નીનો પ્રસંગ) પાછળથી ભર્તૃહરિને આ વાતની ખબર પડતાં આ અસહ્ય આઘાત ન સહાવાથી તે રાજ ત્યાગી યોગી થઇ ગયો

સત્યાશ શામા ને કેવુ હશે ! તે તો હરિ જાણે પરન્તુ પ્રસ્તુત વસ્તુ શ્રી મોરબી આર્ય સુબોધ નાટક મંડળીના કવિશ્રી વાઘજીભાઇ રચિત રાજા ભરથરીમાથીજ લીધી છે જો કે પિગળા એ શાપિત દેવી હતી એ વાત અધિકાશે સત્ય લાગે છે, પરન્તુ ભર્તૃહરિ વિરચિત શૃંગારશતક ને વૈરાગ્યશતક જોતા તો પ્રથમનીજ વસ્તુને વધુ પુષ્ટી મળે છે અતે કહેવાનુ એજ કે —

હુ કઇ મહાન કવિ કે વિદ્વાન લેખક નથી, છતા મ્હે જે કઇ આલેખ્યુ છે, તેને માટે હુ સપૂર્ણ જવાબદાર છુ હૃદયમા આવા ભાવો ભરનાર ભગવાનને તો હુ ભૂલુજ કેમ ! તેમના શ્રી ચરણોમા મ્હારા કોટાનકોટી વદન હો ! અતે યોગેન્દ્ર શ્રી ભર્તૃહરિનેજ સભારીએ કે -


વસ્તુ-પ્રાધાન્ય-कामान्धो नैव पश्यति ! (પિગળા)

प्रेमान्धो नैव पश्यति ! (ભર્તૃહરિ)

તા. ક —આ ચોથી આવૃત્તિમા પૃષ્ટ ૧ થી ૧૬ અને ૩૭ થી ૭૮ સુધીમા કઠણ શબ્દો કાઢી નાખી સરળ અને સુન્દર સુધારો કરવામા આવ્યા છે કર્તાની જાણ બ્હાર પૃષ્ટ ૧૭ થી ૩૬ એમના એમજ છપાઇ ગયા છે પાચમી આવૃત્તિએ એ રહી ગયેલા પૃષ્ટો સુધારવા અવશ્ય લક્ષ આપવામા આવશે મુદ્રણાલયમા હ્રસ્વ-દીર્ઘ ચિહ્નો ન હોવાથી, મૂકી શકાયા નથી સુજ્ઞ વાચક બધુઓએ ! આપ જોઇ એ ગોઠવી લેવા કૃપા કરવી

સવત્ ૧૯૮૨	ભવદીય
કાર્તિક	સાહિત્ય પ્રેમી "પુષ્પ"
	ગમનલાલ હીરાલાલ બદામી
સુદી પ્રથમા	ફળીઆ પગથીઆશેરી—સુરત

સુરત ભાજીવાળી પોળમા આવેલા શ્રી "અનાવલ મધુ" પ્રીન્ટીંગ પ્રેસમા ગોવિદજી ડાહ્યાભાઈ નાયકે છાપ્યુ



(હરિગીત)

મનહર મઢૂલી શોભતી સમદ્રષ્ટિ યોગીરાજની,
વિંધ્યાટવીમા ! વેદ ! શ્રીમદ્ ભાગવત ! ગીતા–ધ્વનિ.
શિષ્યો ! મુની–બાળક બધા એ સ્થાનમા ભણતા હતા'
ગુરુદેવજી આશ્રમ વિષે નિજ નિત્ય–પૂજામા હતા

વિધવિધ સુશોભિત ક્યારીઓ એ આગણામા શોભતી,
"જન્મ્યુ જવાનુ એક દી" ખીલી, ખરી, સબોધતી.
મધ મધ થતી મીઠી પરિમલ દીલડા ડોલાવતી,
લીલા અકળ લક્ષ્મીપતિની ! 'દીનતા" બોલવતી

અણચિતવ્યો કગાલ કો આવી ચઢ્યો એ સ્થાનમા
જ્યારે હતા ગુરૂદેવ શ્રી ગોવિદના શુભ ધ્યાનમા
દુર્બળ શરીરે વસ્ત્ર પણ ફાટ્યાતૂટ્યા મેલા હતા,
હતભાગીના બે ગાલ પર આસુ તણા રેલા હતા

ભૂખ્યો તથા તરસ્યો ! બિચારો છેક વલવલતો હતો,
"પાણી મ્હને કો પાવ ભાઇ" બોલી ટળવળતો હતો
પોકાર પામર જીવનો (એ) ગુરુદેવને કાને ગયો,
સાધુ પુરૂષનો પ્રાણ પર–દુઃખ સાભળી દુઃખી થયો.

તત્ક્ષણ દયાળુ દેવ ! જેનુ ધ્યેય પર+ઉપકાર છે,
કરવા જગત્-કલ્યાણ અહીં જેણે લીધો અવતાર છે
એવા મહાયોગી પૂજા પડતી મૂકી, દોડયા ત્યહા,
નિર્ખી ઋષિને બાપડે ! બે હાથ નિજ જોડયા અહા !

કીધા પ્રણામ ! પગે પડયો સમદ્રષ્ટિએ ઊભો કર્યો,
નિર્મળ પિવાડી પાણી પળમા થાક તેનો સૌ હર્યો
આશ્રમ વિષે એને પછી પ્રેમે ગુરુ તેડી ગયા,
સદ્‌ભાગ્ય કેવુ ! દિવ્ય આવા દેવના દર્શન થયા

બોલ્યા ગુરુ, "બેટા ! કહે કારણ કઈ કલ્પાતનુ ?
એવી વિપત્તિ શી પડી ? (કે) આવે અરણ્યે આવવુ ?'
મમતાભર્યાં ગુરુદેવના (આ) માયાળુ શબ્દો સાભળી,
એના અભાગી નેત્રમા પાણી ભરાયા હા ! વળી

કરજોડી બોલ્યો બાપડો કરુણાદ્ર ગદ્‌ગદ્ કઠથી,
થોડુ વદી ! હૈયુ ભરાતા ! હાય ! વાણી સ્થભતી
"ગુરુદેવ ! તમને શુ કહુ ? ત્રિકાળજ્ઞાની આપ છો,
મ્હારા સમા દુ ખી જીવોના ધર્મના માબાપ છો"

'માથુ ધર્યુ છે મ્હે પિતા ! પ્રેમે તમારા ચરણમા,
કાપો કૃપાળુ ! કષ્ટ હુ આવ્યો તમારા શરણમા
ગુરુદેવ ! હુ તમ શિષ્ય છુ મ્હારૂ ધવલપુર ગામ છે,
બ્રાહ્મણ તણો સતાન હુ...મમ નામ શાન્તિરામ છે"

"વિદ્યા ભણી તમ–આશ્રમે માડી ગૃહસ્થાશ્રમ રહ્યો,
પણ ત્રાસ ખૂબ ગરીબીનો ! જે જાય ના મોઢે કહ્યો
સતાન–સ્ત્રી સૌ વલવલી ભુખ–દુખથી રીબાય છે,
દારિદ્રયની દેવી ! અમોને હાય ! ખાવા ધાય છે '

"ઘરસૂત્ર મ્હારૂ અન્ન વિણ ઉપવાસથી અકળાય છે,
જોઈ વવલતુ જળ વિના ! આ કાળજુ ચીરાય છે
પરદુખભજન છો તમે ! જાણી હુ આવ્યો જાચવા,
દવી–કૃપાથી કષ્ટ નિર્ધનતા તણુ આ કાપવા "

બોલ્યા ગુરૂ, "બેટા ! મ્હને શકા નથી તુજ વાતમા,
પણ સર્જવા શ્રીમાન યા નિર્ધન ! (એ) વિધિના હાથમા
સુખ–દુખ એ ગત જન્મના સારા–નઠારા કર્મ છે,
સતોષથી રહેવા સકળ એમાજ માનવ—ધર્મ છે."

"કર્માનુસારે પ્રાપ્ત પ્રાણીમાત્રને સહુ થાય છે,
જેવાં ઉગાડે વૃક્ષ જે ! તેવા ફળો તે ખાય છે
સતોષ ! સ્નેહે સેવવુ ! જે જે ગમ્યુ જગદીશને,
શ્રદ્ધા, સહનશિલતા ! કરે અમૃત અતે વિષને "

"ગત જન્મમા દેવુ કરો, તે આ જનમ્મા ચૂકવો,
નિશ્વાસ કોના પર અભાગી જીવ ! એમા મૂકવો
સમજી, વિચારીને, પછી સસારમા પગલા ભરો,
પ્હેલા વિચારો ખૂબ ! પાછળથી વિમાસણ ના કરો "

"શ્રદ્ધા ! સહનશિલતા ! ધીરજ ! મ્હારી હવે રે'તી નથી,
અકળાઉં છું ! ગુરુદેવ ! હું. દુઃખ દેહ આ સ્હેતી નથી.
હું કરગરૂં છું આપને આપો કૃપા-બિન્દુ મ્હને,
ટીપું મહાસિન્ધુ બરાબર ! ઓ દયાસિન્ધુ ! મને"
"બચ્ચા ! સમજ ! સંસાર, સ્ત્રી, શ્રી*માં અધિક સંતાપ છે,
સંસાર ! સમજુને મને તો એક મ્હોટો શાપ છે
કેશવ કરે ! એ ઠીક સૌ ! એનો નહી ઉપાય છે,
નિષ્પક્ષપાતી ×ધર્મનો નિર્મળ નિરંતર ન્યાય છે"
"સુખમાં ! ભલા ! ભગવાનની ભક્તિ ! પૂજા ભૂલાય છે,
દુઃખમાંજ દીનદયાળનું શુભ નામ સંભાગય છે.
સુખમાં છકી જઈ ધર્મ, નીતિ વેગળે મૂકાય છે,
દુઃખમાં થતું ભગવદ્-સ્મરણ ! નર ! પૂણ્યશાળી થાય છે"
"માટે ભલા બ્રાહ્મણ ! તજી દે મોહ ધન ને ધામનો,
શ્રીનો અને સંસારનો નહી ! ભક્ત થા શ્રીરામનો"
"શબ્દો સુધા શ+ આપના ! તોપણ પ્રભુ ! ભાવે નહી,
'સંસારથી સંન્યાસ સારો' (મ્હારે) ધ્યાનમાં આવે નહી"
"માટે ગુરૂજી ! હાલ તો મમ યાચના છે એટલી,
અભિલાષ અંતરની પૂરો ! પગમાં પડું છું ફરી ફરી"
"ગાડા ! અરે ગાડા ! જુએ આ ઝુંપડી સંન્યાસીની,
આશા કહે કયાથી ફરે અહીંઆ પછી સંસારીની ?"

---

*લક્ષ્મી ×યમરાજનો +જેવા=સમાન

"સાદુ-જીવન જ્યા ગાળીએ, ફળ-મૂળ પર ગુજરાન છે,
ત્યા બ્રહ્મને ભૂલાવનારી લક્ષ્મીનુ શુ કામ છે ?
આશા અહીં ત્હારી કદાપી દુન્યવી તો નહી ફળે,
બીજુ બધુ મળશે, પરન્તુ એક પૈસો નહી મળે"

આ શબ્દ સાભળતાજ બ્રહ્મણનુ હૃદય ભાગી ગયુ,
'ફેરો ગયો મ્હરો નકામો કામ સાર્થક ના થયુ'
પાણી ભરાયા આખમા પાછો ફરી પગમા પડયો,
"કરુણેશ ! કે કરુણા કરો" કહી કરગયેો, પુષ્કળ રડયો

"છો આપ સત સમર્થ શુ નહી થાય સ્વામી આપથી ?
તારો દયાસાગર ! ત્રિવિધ સસરના સતાપથી"
દિલડુ દયામય સતનુ સસારમા કહેવાય છે,
પરદુખ જોતા પલળી પળમા પ્રેમભીનુ થાય છે

પિગળ્યુ હૃદય ઋષિરાજનુ ને રે'મ હૃદયે ઉદ્ભવી,
ફળ એક નિજ ઝેળી વિષેથી બ્હાર કાઢયુ સાચવી,
બે હાથથી બેઠો કરી, ચરણે પડેલા દ્વિજને,
ફળ આપતા બોલ્યા ઋષિ! "ઇશ્વર કૃપાથી સૌ બને."

"આનુ અમરફળ નામ ! શાન્તિરામ ! ગોખી રાખજે,
કાયા અમર કરવા ચહે તુ તે ઘડી એ ચાખજે
આ દિવ્ય ફળ આરોગનારો કોઇ દિન મરશે નહી,
વર્ષો વીતે તો પણ ન તેનુ રૂપ, વય ફરશે કંઇ."

"ઇચ્છા ત્હને જો થાય તો સ્વર્ગીય-ફળ એ કાપજે,
નહી તો જઇ, લક્ષ્મી લઇ, શ્રીમન્તને કોઇ આપજે
આ વસ્તુ ત્હારૂ દુઃખ-દળદર એક દિનમા ટાળશે,
આયુષ્ય બાકીનુ હવે આરામમા તુ ગાળશે"

કીધા પ્રણામ પગે પડી, ફળ હોંસથી લીધુ અહા!
દીધો શુભાશિર્વાદ "**મગળ થાવ**" ગુરુદેવે ત્યહા
હૈયે સમાયે હર્ષ ના! હાંફે! અતિ શ્વાસે ભર્યો,
હરિ-ધ્યાન ધરતો બાપડો! નિજ ઝુપડે પાછો ફર્યો

ગગા ગૃહીણી સાધવી સન્નાર ને સમજુ બહુ,
તેને સવિસ્તર વાત સમજાવી પતિએ એ સહૂ
બોલી સતી, "હે પ્રાણવલ્લભ! (જો) વાત મ્હારી સાભળો,
આ દિવ્ય ફળ લઇને પ્રભુ! દરબારને પથે પળો"

"માલવપતિ ભર્તૃહરિને ભેટ જઇને આપજો,
કે'જો "સ્વિકારી રાજ! આ દરિદ્રય મ્હારૂ કાપજો"
સ્ત્રીની સલા' સોના સમી એ શાન્તિરામે મન ગણી,
ચાલ્યો અમરફળ આપવા માલવપતિ-મ્હાલય ભણી

* * *

ઉજ્જયિની નગરી જે, અવન્તિ હાલમા કે'વાય છે,
ત્યા આણુ રાજા ભરથરીની આ સમય દેવાય છે
નૃપાળ નીતિ-ન્યાયમા ખામી નહી રાખે જરા,
શાણા સચીવો! શૂર સરદારો બધાય કહ્યાગરા

પણ પિંગળા રાણી નવીના સ્નેહ તેમ સ્વરૂપમા,
ડૂલી ગયા'તા ભાન-જ્ઞાન તમામ એમા ભૂપના
આઠે પ્રહર રણુવાસમા ગાડા બની ગાદી કીધી,
ચિન્તા તથા સહુ રાજ્યસત્તા ભાઇને સોપી દીધી

વિક્રમ લઘુ બધુ ! નીતિના રાહ પર નિત્ ચાલતો,
બાહોશીથી સહુ રાજકાજો ભાઈના સભાળતો
જીત્યો પ્રજાના પ્રેમને નિજ સત્ય શુદ્ધ ચરિત્રથી,
સેવક તથા સરદારના ખેચ્યા હૃદય પોતા-પ્રતિ.

માલિની —(વચન સર્વ સાચા વિક્રમા ! બધુ ત્હારા—ગઢ)

રમણીય રણુવાસે રગ રગી રહ્યા બે,
ભરી ભરી પિચકારી હોળી ખેલી રહ્યા છે
ભરથરી કૃ'ણુ બને ! પિંગળા થાય રાધે,
ચતુર રસિક સ્વામી ગોપીના કાર્ય સાધે

મધુર મધુર મુરલી કા'ન વચ્ચે વગાડે
લલિત લગની હૃદયે રાધિકાને લગાડે
થેઇ થેઇ થેઇ નાચે ખેલ ભજવાય ન્હેને
વિભુ વૃન્દાવનમા રામ જાણે ન ખેલ !

શિખરિણિ --(પ્રભો ! અતર્યામિ જીવન જીવના દીન શરણા-રાહ)

કટાક્ષો કાન્તાના હૃદય-દુરગો કૈક કોરે,
શશીવદનો સુન્દર ! મનુજ-ચિતડા ખૂબ ચોરે
બન્યો ગાંડો રાજા ! સ્વરુપ નવી-રાણીનુ નિરખી,
ગઇ શુદ્ધિ ! બુદ્ધિ ! 'નયન" પડતા પ્રેમ-ભુરકી

પ્રેમાધ એવો ભરથરી વિક્રમ તણી વિનતિ થકી,
દરબારમા આજે પધાર્યો, તો બહૂ દિવસ પછી
સોના તણો ઊગ્યો સુરજ સહુને મને દરબારમા,
આનન્દ ! હેલી હર્ષની ઉછળી રહી સરદ રમા
કવિ ! ભાટ ! મગળમય કવે ! ઉત્સવ રુડા (જવાઇ રહ્યા,
દરબારગઢના આગણા પાવન પુનિત પગલે થયા
શોભા અનૂપમ આજ શી ? મન–મુગ્ધ ઉભરાતી હતી,
કોમળ મધુરા કઠથી કો ગાયિકા ગાતી હતી

ગોપાગનાઓ રગ ભરી પિચકારી કહ્નૈયે રગ ભરી પિચકારી
હોળી અહાહા ! હાળી અહાહા ! ખેલી રહ્યો ગિરિધારી,
રેતી રહ્યા શુભ રગ ઉમગે મોરલીધર શ્રી મુરારિ–કહ્નૈયે
લાજ ! કહનેયા ! લાજ જ ! નો ! ટેવ મળી આ શુ સારી ?
અમ અબળાને પજવે એમા શુ મ્હોટી હુશિયારી ?–કહ્નૈયે
ઓઢણી મ્હારી ! જો અની ! મિ જની, કચુકી જો વળી ત્દારી,
કેશુડે કાયા તરબોળી તોય ભર પિચકારી–કહ્નૈયે
ટપ્ ટપ ટીપા ટપકે ચીરથ બિજની જા આ નારી,
પાલવ પાથરીયે મધુસૂદન ! હોળી રમી અમે હારી–કહ્નૈયે
રાધાએ પાછળથી આવી રગ દીધો જ્યા ઢોળી,
ત્યા રગાઈ ! તે પણ પોતે ! ધન્ય કહ્નેયાની હોળી.

મદાક્રાન્તા–(તે પખીની ઉપર પથરો—રાહ)
આવી આવી રમત–ગમતો થૈ રહી છે સભામા,
દૈવી શોભા ! ઝગઝગી રહી ! પૂછવુ શુ પ્રભામા ?

રાજા ભરથરીની કચેરી.

પ્રકાશકઃ—ડા ગ્રાણલાલ ભગવાનદાસ બુકસેલર



શ્રી મણિભવન પુસ્તકાલય ટાવરરોડ—સુરત.

સત્વર કહે પાજી ત્હને, આ અમરફળ કયાથી મળ્યુ,
જુઠું વધો જો સ્હેજ જો, તો જાણજે આવી બન્યુ

પિંગળા અને વિક્રમ.

પ્રકાશક—ઠા પ્રાણલાલ જીવણદાસ બુકસેલર



શ્રી પ્રાણજીવન પુસ્તકાલય ટાવરરોડ—સુરત

થાતા પતીત વિચારમા, કામે ધનુષ્ય ચઢાવીયુ,
એથી કમાન મૃદુ કુસુમ, સર પિંગળાને મારીયુ

વિદ્વાનો ને કવિગણુ વિષે વાદવિવાદ ચાલે,
રાજા રીઝે ! કઈ રીતિ વડે ! એજ સૌ ધ્યાન આવે

ઉપજાતિ —[ફેરી ભરેલી રમથી જ સારી ગાઙ]
એવે સભામા પ્રતિહાર આવ્યો
"આજ્ઞા' પ્રભુ ! કિંકર અર્જ લાવ્યો
ભૂદેવ કગાલ બહાર કો છે,
શ્રીમાનને જે મળવા ચહે છે

(હરિગીત)

આજ્ઞા થતા રાજેન્દ્રની સહુ નૃત્યગાન સમી ગયા,
પરિચારકો, પરિચારિકા, ગાનારી સ્વસ્થાને ગયા
ન્હાનાવિધિ વાજીત્ર તાલ મૃદગ બધ બધા થયા,
જિજ્ઞાસુ ડોળા સર્વના દરબાર-દ્વાર પ્રતિ વળ્યા.

વસત તિલકા —(નિદ્રા મહી નહી હજુ તન-ભાન જ્યારે રાઙ)

શાન્તિ સભા સકળમા પથરાઇ ગૈ છે,
ભૂપાળને પણ અધીરાઇ ખૂબ થૈ છે
સન્માનથી ! દ્વિજ ! નિશક પ્રવેશવા દ્યો !
પૂજા-પ્રબધ તમ શીર અમાત્યજી ! લ્યો

માલિની —નમન નૃપ કરે સૌ . વિપ્રને તે સમે હા !
ઉઠી જઇ અરપે જ્યા ભૂપતિયો સ્વજગ્યા
અરરર ! વિપ્રો એ આજ ભિક્ષાર્થ ભટ્કે,
અધધ અધમ હાવો ! અતરે ખૂબ ખટ્કે

ભુજંગી —(પિતાની દ્દહાડી લઇ બાળ ન્હાનો—૨૯)

ગયા જ્ઞાન ને ભાન વિદ્યા વિવેકો,
ન્હ્યા ક્યાંઠ પાંડિત્ય ! એ ! નર ! પેખો
નહીં સ્નાન સંધ્યા પૂજા કાંઇ જાણે
ગુમાવ્યું બધું ! ભીખમાં મોજ માણે

(હરિગીત)

આવ્યો સભામાં બ્રહ્મ ઊઠી ભરથરી સ્હામો ગયો,
બે હાથ જોડી માળવાનો ભૂપતિ ત્હેને નમ્યો
કુમ્ કુમ્ લઇ અક્ષત સહે પૂજા કરી ચંદ્રક કર્યો,
લીધો શુભાશિર્વાદ દ્વિજના હૃદયનો ! હર્ષિત થયો

આસન કનકનું આપીને સન્માન સહ બેસાડીયો,
'કયાંથી પધારો ?' પ્રશ્ન પ્રેમે રાજવીએ પૂછીયો
અથથી ઇતિ ઇતિહાસ શાન્તિરામ ત્યાં નિજ કહી ગયો
"શા કારણે મ્હેં ગૃહ તજ્યું ? શા માટે જંગલમાં ગયો?"

"કે'વી રીતે ત્યાં સદ્ગુરૂ સમદ્રષ્ટિના દર્શન થયા ?
વિસ્તારી હાલ દયાજનક મ્હેં એમને મ્હારા કહ્યા
આપ્યું અમરફળ ! આ રહ્યું ! મ્હારાજ ! એ સ્વીકારજો,
આરોગી થાવ અમર ! અમારા દીન-દુઃખ નિવારજો"

લીધું અમરફળ રાજવી ! સહુને બતાવી એ રહ્યા,
વસ્તુ અલૌકિક જોઈ નહી અજાય એવો નર કયો ?
બોલાવી કોષાધ્યક્ષને આજ્ઞા કરી રાજેન્દ્રએ,
કે —"એક લક્ષ સુવર્ણમુદ્રા દાન દયો આ બ્રહ્મને"

નિર્ધનપણુ ફીટી ગયુ, બક્ષીસ બહુ મ્હોટી મળી,
આશિષ દઇ પથે પડયો અભિલાષ અતરની ફળી
લઈ અમરફળ મ્હેલે પછી ભૂપાળ ભર્તૃહરિ ગયો,
આરોગવુ ! યા ના ? ઉપસ્થિત પ્રશ્ન અતરમા થયો

દેવી–પ્રસાદી આખરે આરોગવા નિશ્ચય કરી,
લીધી કટારી કાપવા પ્રિય પિગળા ત્યા સાભરી
'હે પિગળા ! પ્યારી ત્હને ! વિસરી અહા તદ્દન ગયો,
ભામા મુકી ભરથાર એકલપેટ આજે જો થયો !"

"ઉન્મત્ત યોવન–પુષ્પ ત્હારૂ સુપ્રફુલ્લિત રાખવા,
નાજુક ધવલ તુજ હસ્તમા અર્પિશ મધુરમ ચાખવા
આરોગી એને એકલો હુ અમર થઈને શુ કરૂ ?
એથી રુડુ ખવડાવી તુજને ! જીન્દગી પ્રેમે ભરૂ"

શાર્દુલવિક્રીડીત [જાણે જે તપ એજ છે ધન ખરૂ—રાહ]

પાછુ વિટી રુમાલમા ભરથરી ન્હેને જનાને ફર્યો,
'માદર્યે ! તુજ પિગળા ! નૃપતિને ! પ્રેમાધ ! પ્રેયા ! કર્યો'
શૃગારો સજી સાળ રગભુવને મમ્રાજ્ઞી આશાભરી,
જોતી રાહ અધીર કિન્તુ હૃદયે ! ન્હોતો શ્રી ભર્તૃહરિ.

ઉપજાતિ— એ પિગળા નીચ પથે પળી'તી,
દુષ્કર્મ કીધુ ! નહી શુદ્ધ રહી'તી
નેવે મુકી નામના, કીર્તિ નીતિ,
બાધી હતી, કોઇ બીજાથી પ્રીતિ

ભુજંગી — હતો ચાર ઘેડારમાં નીચ જાતે,
પડી પિંગળા પ્રેમમાં ત્હેની સાથે
જનેતા તણી કૂખ રાણી ! લજાવી,
દીધી લાજ-મર્યાદ કામે ! તજાવી

(હરિગીત)

આજ્ઞા કરી છે દાસીને "જા ચાર તેડી લાવ તું,
બહુ કામ વ્યાપ્યો અંગમાં જલ્દી જઇને આવ તું
ચંદન શરીરે ચોપડ્યું તદપિ શિતળતા થાય ના,
ઊતાવળી જા ! બ્હેન ! જ્વાળા કામની જીરવાય ના"

'ખાવું પિવું મનભાવતું ચિત કયાંય પણ ચ્હોટે નહીં,
કામે કરી અકળાયલી (હું) મુજને કશે ગોઠે નહીં'
આજ્ઞા થકી પરિચારિકા ગઈ ચારની ઘોડારમાં,
જે દૃશ્ય જોયું તે થકી હિંમત છૂટી પળવારમાં'

પાષાણ-પૂતળીવત્ થઈ ગઈ સ્થિર ડગ ચાલે નહીં,
પાંપણ સરીખાં આંખનાં પલકે નહીં ! હાલે નહીં
દેખાવ એવો શો હતો ? કૌતક શું જોયું દાસીએ ?
એ દ્રશ્ય ભીષણ શું હતું ? તે વાત વાચક ! વાંચીએ

* * * *

* માલા તણી ફરિયાદથી વિક્રમ અહીં આવ્યો હતો,
આગળ થકી "હું આવું છું," સંદેશ ના કા'વ્યો હતો.
જ્યાં અવ્યવસ્થિત અશ્વ જોયા ક્રોધ દીલે વ્યાપીયો,
લઈ ચાબખો, એ અશ્વપાલક-પીઠ પર ઉગામીયો

---

* અશ્વપાલનો નોકર

ઉપજાતિ — ઘોડારમાં મઘની ગંધ મારે,
સીમાં પડેલા જુઓ * દીશ ચારે
વેશ્યા—ગૃહે જાય હમેશ રાતે,
જાતા દીઠો મ્હે પ્રભુ ! ખુદ જાતે

(હરિગીત)

માલો બધુ બોલ્યો જતો, ને અશ્વપાલક કરગરે,
વિક્રમ પૂછે ફટકાવતો "આખો દિવસ તુ કયાં ફરે ?"
"મૂકો ! જવા દયો ! આજથી દુર્લક્ષ કો દી નહી કરૂ,
બાપૂ ! હવેથી રાત દિન હુ નોકરી નકકી ભરૂ"
શિક્ષા કરી વિક્રમ ગયો, કે દાસી એ દાખલ થઇ,
"શ્વાસેભરી આવી" અજાણી વાત થઇ જાણે કહી
"પ્રીતે પધારો મ્હેલ રસિયા ! રાહ રાણીજી જુએ,
કળ આપ વિણ પડતી નથી ..સેજે નિરાતે ના સુએ."

(અશ્વપાલને છૂપે રસ્તેથી રણવાસમા તેડી લાવી દિવાનખાનામાં બેસાડી, ચતુર દાસી રાણીના શયનગૃહને દ્વારે આવે છે)

સ્વામી —(બ્હારથી) સાખી

શણગારે સજ થઇ રહો બ્હેન ! પધાર્યા મોર !
ચિતનન જેનુ ચિત્તમા આવ્યા પ્રેમી ચોર

---

* દીશાએ

(*પૂર્વે અંતપુરમા રાણી અને રાજકુવરીઓની સખીઓજ દાસીનુ કાર્ય કરતી હતી)

ચંદ્ર ! ચકોરી આનીયો કુમુદિની ! અલી ! તું ચેત !
કમલિની ! ઉઘાડ + પાખડી જો રવિ બોલાવે ?

ચાતકો મેઘ પનાગીઓ તૃષા હવે છીપાન,
વિરહાગ્નિ પિયુ-ભેટથી બ્હેની ! સવ બૂઝાન

(પ્રત્યુત્તર)

રાણી—પ્રફુલ થઇ ખુલ્ન પાખડી ભ્રમર ! પ્રવેશ કાવ,
થોડું બોનો ! બ્હેકતા જેક ! જરા શરમાન

અણુવારતુ ન ફુલ્યારીએ મહુ નહી નાટી જાન
થોડામાજ મઝા પડે અતિ લોભી મા ! થાન

વેણી ગજરે ગૂથી છે ફરી ફરી ઓળ્યા કેશ,
આછા અમ્મર ઓઢીયા ઝળહળ નૌતમ વેશ

ધરી ગુલાબી ચુંદડી ચરણુ ! નપૂર-ઝકાર,
રસિયો રીઝે રુપથી તોય સજ્યા શણગાર

દમી—હો ! ત્યારે હું જઉં છું વૂમાઉં હું ચો !
જોઇ ! બરાબર ઝાંઝરો કરે શોરમકોર

રાણી—બહુ સારૂં ! ડાંપણ તજી જા ઝટ કર ના વાર,
ઝટપટ મોકલ પ્રિયને મ્હેણા થોડા માર

દાસી—સમય સંપડે મહુ કહે એમાં શાની ખીજ ?
દાનમાં હું તો લેન બા ! (હા) એક અમૂલી ચીજ !

+દ્વાર *સૌંદર્ય રૂપી પુષ્પની શોભારૂપી પાખડીઓ શૃંગારની સુવાસ સજી

રાણા—આપીશ નવમર હાર જા વ્હેલી મેગન કાન્ત !
 ત્હાય હૃદયની હોલવે તન–મન થાય શાન્ત

(પરિચારિકા પ્રયાણ કરી જાય છે પિંગળાના નાગારભુવનનુ રંગ–દ્વાર ખૂલે છે વિક્રમનો માર ખાઇ આવેલો અશ્વપાલ પોતાને બહુજ ખોટી કર્યાથી ગૌસનો નાર્યો હાથમા ઘોડાનો ચાબખા કે જે રાણીને બતાવવા ઘોડારમાથી સાથેજ લઇ આવ્યો હતો તે લઇ અદર પ્રવેશ કરે છે)

ભુજંગી—ઉઠી દાઢી ! હા ભેટવા યારને એ,
 ભુલે ભાન ! જે ! જો ! બને અધ કામે
 હશે જગમા પાપ શુ ?' એ વિચાર,
 ફર બુદ્ધિ ! માથે ભમે કાળ ચક્ર !

 ધસી આવતી પિંગળા ભેટવાને,
 દિસી દૂરથી દુષ્ટ એ અશ્વપાલ
 પડી આંખ જ્યા સામને ! રાણી ધતી
 રહી સ્થિર જ્યા ના નડી ચાલી ઝાલી

દોહરો --[ઓ ઇશ્વર ભજીએ ત્હને શાહ]

 અશ્વપાલ (ને) અવલોકતા સુરખી ઉડી સર્વ
 સ્ફૂર્તિ અંગે ના રહી ગયા રૂપનો ગર્વ !
 રક્ત નેત્ર આરાક તણા મારુક ટક ટક જોય,
 હાસ્ય–નૂર મુખના ગયા કામ ! રહ્યુ ના કોય

ઉપજાતિ — વિશાળ મોઢુ અવલોકતા એ !
ઢીલા થયા ગાત્ર ખુશી થતા જે !
પાસે પછીથી ડરતી ગઇ એ,
પૂછ્યુ ધિરે 'કોઇ કસૂર થે છે ?'

(હરિગીત)

મોડુ થયુ બસ કેમ ? ખોટી થાઉ નહી દરકાર એ,
ત્હારે મને શુ એમ ? કે –"આ અશ્વપાલ ગમાર છે
કાપે ગળુ કો દી અમારૂ શા ભરોસા ગ ડના ?
ચોરી હવે કરવી નથી કોઇ દિવસ તુજ સગમા !"

તવ પિ ગળા બોલી 'પિયુ ! ગુસ્સે થવુ એ ના ઘટે,
ભરથાર ભૂપ તજી નિરતર પિ ગળા તમને રટે
માલપતિની માનીતિ મ્હારાણી તમને ચ્હાય છે,
કેવી તમારા પ્રેમની ખાતર અધીરી થાય છે !"

"શણગાર હુ સજતી હતી શૃ ગારભુવનમા પિયુ !
મ્હારા મને રસિયો રીઝે ! તમથી અધિક વ્હાલુ કયુ !
છો ભાગ્યશાળી આપ ! પૂર્વે પૂણ્ય–કૃત કીધા હશે,
ક્યાથી નહી તો પિ ગળાના હૃદયમા તમ સમ વસે ?"

"જા ! જા ! બધા બ્હાનાછ એ ! સૌ પ્રેમ જુઠો તાહરો,
છોડુ હવેથી મ્હેલ આ એ અત—નિશ્ચય માહરો"
જ્યા રોકવા રાણી ગઇ ત્યા પીઠ પર ફટ્કો પડયો,
વિક્રમ ઉપરનો રોષ રાણીની ઊપર ખાલી થયો

*ઉપજાતિ — ફટકા પરે ! હા ! પડતાજ ફટકા,
રાણી *હદેથી રડતાજ છૂપા
મુગે મુખે માર બધો સહન્તા
નેને+ અરે ! ઊષ્ણ નિરો વહન્તા

પાય પડી પાલવ પાથરીને,
કામાધ ગણી ! હજુ કગરે છે
'કૃપા કરો હાય ! તન બળે છે"
(તદપિ !) પાષાણુ હૈયુ નહી પીગળે છે

સત્ય છે —**कामान्धो नैव पश्यति !**

(કામાધ કશુજ જોતો નથી)

(હરિગીત)

રે ! સૂર્યના રશ્મિ ઊહુના જેણે સહ્યા નહી જીવનમા !
સુકુમાર તે તન–ગૌર પર શા રક્ત–સોળો સુજીયા ?
નહી શબ્દ સખ્ખો સાભળ્યો નિજ જીન્દગીમા કોઇનો '
ટપલો, ટુકારો ના સહ્યો ! મહિયર શ્વસુરમા કોઇનો !

અજ્ઞાત છે જે "માર' એવી ચીજથી દુનિયા વિષે,
લોહી–તસો ત્હેની પીઠે આજે ફૂટેલી શી દિસે ?
રે ! દાસ દાસી સહસ્ર જેને રોજ ચરણે ઝૂકતા,
જેની નિકટ માલવપતિ જેવા સ્વમાનો મૂકતા

*હૃદયથી +આખે

મ્હારાણી એ **માલવ** તણી કામાંધ થૈ શુદ્ધિ ગઈ,
હલકા તુખમના નીચને ! પાયે પડી વિનવી રહી
કામી ! અરેર ! અંધ ! 'પોતે કોણ' કે નવ પેખતા,
"ઉંડો કુવો કે ખાઇ છે ?" અન્નાડી એ નહી દેખતા

આંખો મિચી અન્દર પડે પાછળ પછી પસ્તાય છે,
'સારૂં ! કર્યું ના હોત જો !' એવી વિમાસણ થાય છે
રે ! કામ–શરથી કેટલા (યે) હૈયા કુણા વિંધાય છે,
વાગેછ જેને પંચ–શર "પાગલ–દિવાના થાય તે

ડા'પણ્ ડુલી જાયે બધુ...પાગલપણે મૂકાય છે.
એ પુષ્પધન્વા-તીરથી બે આંખ ફૂટી જાય છે
- સુરદાસ થાતા સત્ય રસ્તાની સમજ પડતી નથી,
ખાધા વિના ઠોકર ! ગયેલી શુદ્ધ સા પડતી નથી.

કૂવે પડે છે ! પ્રાણીઓ ! પૂઠે નિકળવા ચ્હાય છે,
જાણ્યા છતા ઝંકે જળે ! ગોથા પછીથી ખાય છે
અક્કલ નહી છાંટો છતા અક્કલ લ'ડાવા જાય છે,
જાણેછ ઉગરવશે નહી અણસમજુ તો પણ ખાય છે

સાની રીતે જાણે છ+ કે આ ઝેર છે, તો પણ પિયે,
વાવી લણે મતિમંદ ! કૂ-ફળ ! દોષ ભાગ્યને દિયે
કરતા કરે પશ્ચાત પસ્તાવો ભયંકર થાય છે,
ત્યારેજ પાપી–વૃત્તિ સાથે કામને નિન્દાય છે

---

*આંધળો +છ=છ (સવ જગ્યાએ સમજવુ)

એ ચર્મચક્ષુ! જ્ઞાનચક્ષુમાં પછી પલટાય છે,
માયા મરી ફીટી જગત્ આ બ્રહ્મમય દેખાય છે
કામાંધના ઇતિહાસમા કોટી ભર્યા છે દાખલા,
પરિણામ "પશ્ચાત્તાપ" અંતિમ કોણ નહી જાણે ભલા!

ઉપજાતિ—જાણું છતાયે બનતા અજાણ્યો,
ખૂબી ખરી તો નહી એ સમજો!
જાણેછ આ 'પાપ' છતાં ડરે ના!
આ પુણ્ય પ્રીછે તદપિ ન ના!

* * * *

પ્યારા! પટાવો! નહી બિગાડો!
વ્હાલમ્ મનાવો! વળગી વનાવે
ત્યાગ કહીને કરે કંઠ હાથ નાખ્યો
કામી પુરુષે રસ મિષ્ટ ચાખ્યો

શું ગાન નાગો બહુ એ કરે છે,
વક્ષથી શાણી-પટ રે! સરકે
અશ્લીલ આલિંગન ધિક્ક એવા,
નિર્લજ્જ શું! ચુંબન-ગાન લેવા

દોહરો—નેત્રપટની, ચડપલા ચાળા બેલો નીચ,
નયન વિકારી બેઉના જુઓ આંધળી પ્રીત
નિર્ભય કામી-પ્રેમીઓ વિસરે પ્રભુ-ભય પાપ!
ભ્રમર મરે કમળે; મતિ ફરે નિકટ વિનાશ

* * * *

*સ્તન પ્રદેશ

(હરિગીત)

ત્યા લાગ જોઇ અશ્વપાલે વાત ચિતેલી કહી,
"ત્હારા દિયરના હાથથી મ્હારી દશા ભુડી થઈ"
ક્રોધે ભરાઇ સાભળી ! મુખ રક્ત રાણીનુ થયુ,
અપમાન નિજ આગળ કરેલુ વિક્રમે તાજુ થયુ

× × ×

(એક બે વર્ષ અગાઉનો બનાવ)

બે બધુ વિક્રમ ! ભરથરી ! દિન એક મૃગયાએ ગયા,
સમ્રાજ્ઞી પણ શ્રી-રાજ-હઠ લૈ સગ શિકારે ગયા
વાદળ ચઢી આવ્યુ ત્યહા ! વરસાદ વરસ્યો જોરમા,
શબ્દો નહી કાને પડે વિજળી-કડાકા-ઘોરમા

સૂઝે ન દીશા કોઇને અણધાર્યુ અધારૂ થયુ,
ગમ કોઈની નહી કોઇને કે કોણ ? કયા કયા જઇ રહ્યુ ?
અણચિતવી આ આફતે ગજન્ ઉધે રસ્તે ચઢયો,
દુર્ભાગ્યવશ વિક્રમ બિચારો ! પિગળા સાથે રહ્યો

લીલા કરી થોડી ! પછી એ મેઘરાજ સમી ગયા,
ભગવાન ભાનુદેવના અજવાળીયા આછા થયા
પટકૂળ ભાભી-દિયરના વરસાદથી પલળી ગયા,
જળબિન્દુઓ એ ચીરથી નિતરે નિગળતા બે થયા.

અંગો અખિલ ભિંજાયલા શીતે કરી ધ્રૂજે મહા !
ગગડાટ ઘોર ગગન તણા કાને હજુ ગૂંજે અહા !
બારીક ઝીણી જાળ જેવા ચીર રાણી પ્હેરતા !
ભિંજાઇ અંગે ગ્હોટીઆ ! જાણે નગ્નઆ શું હતા ?

ગાત્રો સકળ દેખાય આછા ને ભિના એ ચીરથી,
નિતરી રહ્યું લાવણ્ય માડી ચર્ણથી તે શીરથી
અવળા મુખે વિક્રમ ઉભો ! બધું વિષે વિમાસતો,
'પણ કૈં નહી એ વીર છે" મન એમ માની વાળતો

આ બાજુ વિક્રમસિંહ બધુના વિચારો જ્યાં કરે,
ત્યાં રાણી પાછળથી દિયરની સ્હોડમાં ધીમા સરે
એકાન્ત સ્થળ અવલોકતા કૂવાસના ઉર ઉદ્ભવી,
વિક્રમ સ્વરૂપે લાગીયો શું કામદેવ બીજો નથી ?

* * *

એકાન્ત છે દુશ્મન મહા ! યૈવાન નર ને નારનો,
એકાન્ત ભૂલાવે ભલાને ! ભેદ સારાસારનો
સોબત કરાવે પાપની ! જે ચીજ તે એકાન્ત છે,
નીતિ ચુકાવે આપની ! જે ચીજ તે એકાન્ત છે

વૃત્તિ જગાડે વિષયની ! જે ચીજ તે એકાન્ત છે,
બટ્ટો લગાડે આબરૂને ! ચીજ તે એકાન્ત છે
શું "પાપ" એને ઓળખાવે ! ચીજ તે એકાન્ત છે,
જે ભાવના નિર્મળ ભમાવે ! ચીજ તે એકાન્ત છે

નિષ્પાપ હૃદય પતિત કરાવે ! એક એ એકાન્ત છે,
નિર્દોષને દોષિત ઠરાવે ! એક એ એકાન્ત છે
ડાઘો લગાડે શીલમા જે ચીજ તે એકાન્ત છે,
જીવન્ત પધગવે ચિતામા ! ચીજ તે એકાન્ત છે

સશય અણાવે સ્હેજમા ! જે ચીજ તે એકાન્ત છે,
પાઠો ભણાવે ભેદના ! જે ચીજ તે એકાન્ત છે
સ્પર્શે તજાવે શર્મને ! જે ચીજ તે એકાન્ત છે,
છેવટ્ લજાવે ધર્મને ! જે ચીજ તે એકાન્ત છે

દુર્બુદ્ધિ જોગીમા જગાવે ! ચીજ તે એકાન્ત છે,
વૈરાગ્ય વૃત્તિને ભગાવે ! ચીજ તે એકાન્ત છે
જે પાપને ફાસે ફસાવે ! ચીજ તે એકાન્ત છે,
પગ નર્કકુડ વિષે લસાવે ! ચીજ તે એકાન્ત છે

ફૂછદનુ જો પગથીયુ, તો ચીજ તે એકાન્ત છે,
ફિટ્કારનુ જો મૂળીયુ, તો ચીજ તે એકાન્ત છે
ભગાણુ પતી–ભર્તા–ધર્મનુ, તો ચીજ તે એકાન્ત છે,
મડાણ પાપ કૂકર્મનુ, તો ચીજ તે એકાન્ત છે

ઝે'રી ફુલોનુ ઝાડ એ ! ઝે'રી ફળો ને બીજ છે,
સ્પર્શો ન એને સ્વપ્નમા એકાંત બૂરી ચીજ છે.
ઝે'રી હવા એકાન્તની ભૂલેચુકે લેશો નહી,
લેશો પછી નક્કી નિરોગી જીવને રે'શો નહી.

ઝે'રી ઝરો એકાન્તનો ! ઝે'રી ઝરણુ એ'માં ફુટે,
પાણી પિવા તે જાય ! જેના પૂણ્ય પરવારી ઉઠે
ઝે'રી જળાશય જોઇ એ ! જાશો નહી પ્યાસી તહિ,
જળપાન ઝે'રી જો કર્યું ! આરોગ્ય જળવાશે નહી

એકાન્ત અન્ય ઉમાપતિનો કુંભ વિષનો જાણજો,
એકાન્ત પર-નર-નાર *ના વે એ પ્રસગજ આણજો
મળશો ન સગ્ગી ભાભી સાથે દિયર પણ એકાન્તમા,
મળશો ન બધુ બ્હેન પણ મ્હોટી વયે એકાન્તમા

એકાન્ત વસ્તુ કાળજે અગારના સરસી દહે,
એકાન્ત એ શોધો ઋષિ સન્યાસીઓ જેને ચહે
રે ! ધર્મ ! હિન્દુ-શાસ્ત્ર ! તો કે' છે વધીને એટલે !
પરણેલી યા વિધવા સુતા સાથે પિતા પણ ના રહે

યૂવા અપરમા સાથ મળવા પુત્રને નિષેધ છે,
કળિયુગ, ત્રેતા, સત્ય, દ્વાપર યુગ યુગે એ ભેદ છે
સતાન વીર-કુણાલ પર મા સાવકી મોહી હતી,
+ઓખા-નુપુર-ઝકારમા શુદ્ધ શિવે ખોઇ હતી

જ્યા એક લોહીના અને આત્મીયને પણ ના કહી,
ત્યા પર-પુરૂષ પર-નારને મળવાની વાતો ક્યા રહી ?
એકાન્ત અપજશ—ધોધ છે, છાટા ઉડાડે શુદ્ધને,
ચેપી નઠારો રોગ એ બ્હેકાવી દે છે બુદ્ધને

---

*ન આવે +બાણાસુરની બાળા ઉષા

સર્વે યુવક–યુવતિ તણો દુશ્મન પ્રચડ ગણાય જે,
તે એક એ ! બસ એક એ ! એકાન્ત છે ! એકાન્ત છે
જ્યા પાપ, ભ્રષ્ટાચાર, ને દુષ્કર્મના દ્રષ્ટાત છે,
ત્યા એક એ ! બસ એક એ ! એકાન્ત છે, એકાન્ત છે

* * * *

દિયર અને ભોજાઇ ભાગ્યવશાત્ સપડાઇ ગયા,
વિક્રમ અને એ પિગળા એકાન્તમા આવી ગયા
નિર્ખી સ્વરુપ વિક્રમ તણુ મોહાધ રાણી એ થઈ
નિજ ભાન ભૂલી રૂપ એ એકી ટશે નિર્ખી રહી

કામી વિકારી ભાવ આખોને વિષે ઉભરઈ રહ્યો,
મા–પુત્રનો એ પ્રેમ નિર્મળ પલકમા પલટઇ ગયો
થાતા પતિત વિચારમા કામે ધનુષ્ય ચઢાવિયુ,
ખેચી કમાન મૃદુ કુસુમ–શર પિગળાને મારિયુ.

વાગ્યુ હૃદયમા રાણીને ! કામાધ સહસા થઈ ગઈ,
જેણે કરી એ જ્ઞાનચક્ષુ આતરિક ફૂટી ગઈ
ઢોગી બની બેહોશ એ બહુ ધ્રૂજતી બાઝી પડી,
વિક્રમ વિમાસણમા પડયો, રાણી બહુ રહી'તી રડી

"કપિત લતા સમ કાય કપે, વા શિતળ બહુ વાય છે,
કો' કયા ગયા ભાઇ તમારા ? જીવ મમ ગભરાય છે"
"હા ! હા ! કરો શુ ? માત ઓ ! આ આપને છાજે નહી,
વર્તન અસભ્ય તમારૂ માતા ! દીલ કા દાઝે નહી !"

પીંગળા અને રાજા ભરથરી.

પ્રકાશકઃ—શા માણેકલાલ જીવણદાસ બુકસેલર




શ્રી માણેકજીવન પુસ્તકાલય ટાવરરોડ—સુરત.

તીરછા નયનના બાણુથી ભેદ્યા હૃદય દુર્ગો તમે,
પ્રેમાળ પિંજરમા પુર્યા, પ્યારી હવે કેદી અમે

જુઓ પાનું ૪૫

રાજા ભરથરી પિંગળાને ફીટ્કાર આપે છે.



ધિક્કાર ત્હારી માતને, ધિક્કાર ત્હારા તાતને,
ધિક્કાર ત્હારા સાથને, ધિક્કાર ત્હારી જાતને

"પળવારમા આવી જશે અહિ ભાઈ મ્હારા ભરથરી,
ગભગાટ છે આ નિષ્પ્રયોજન બધુ બળમા કેશરી"
આ શબ્દ વિનયી સાભળી, બેશર્મ બોલી પિગળા,
'વ્યાપે શરીરે શિત ! ગ્રહો કર ! હુફ આવે કઇ ભલા !"

વિક્રમ નિખાલસ દિલનો ! આ ભેદ કૈ સમજ્યો નહિ,
પાપિષ્ઠ વૃત્તિ પિગળાની પાર કૈ પામ્યો નહિ
"ભાભી ! તમે મ્હારે મને બહુ પૂજ્ય માત સમાન છો,
પાકયો તમારે પેટ જાણી પુત્રની દ્રષ્ટે જુઓ"

કપિત હૃદયથી વિક્રમે કર પિગળાને આલીયો,
ઢોગી ધુતારી રાણીએ ઉત્સાહથી જે ઝાલીયો
ત્યા તો અચાનક "રે ! અરે ! હા ! હા ! મ્હને કૈ થાય છે,
ઝાલો મ્હને ! ઓ ! કોઇ ! કપારી શરીરે થાય છે"

"મસ્તક ઘુમે મ્હારૂ...બહુ અધારૂ લાગે છે બધે,
ઓ હા અરેરે !" ઢોગ ને ઉદ્દગાર કૃત્રિમ શુ વધે ?
વિહ્વળ દશા પૂરી બતાવી રાણીએ અડધી ઘડી,
બેબાકળી જાણે બની ! વિક્રમ ઉરે બાઝી પડી

"હા ! હા ! અરેરે ! માત ! આ શુ ? ભાભી આ શી ઘેલછા ?
જોશે કદાપી કોઇ તો શકા પડે એ સર્વથા"
છોડાવી રાણી–હાથ ને વિક્રમ ખસી આઘો ઉભો,
"મનમા ભલે ના મેલ ! ભાભી ! વ્હાર આ અવિવેક શો ?"

પાપી લુલી ત્યા પિંગળાની પ્રેમવશ ખૂલી ગઇ,
કામાંધ રાણી કૂળ, જાતિ, કૂખ, સૌ ભૂલી ગઇ
લજ્જા તણો પટ ઠેલી નિસંકોચથી રાણી વદી,
'વ્હાલા! નથી વ્હાલુ મ્હને તુજથી વધુ કોઈ કદી"

"તુજ ભાઇની ભાર્યા છતા હુ તો ત્હને બસ ચ્હાઉ છુ,
તુજ પ્રેમ પ્યાસી હુ ઉદાસી! રોજ રહી સુકાઉં છુ
દર્શન વિના આઠે પ્રહર મ્હેલે અધીરી થાઉ છુ,
ચિંતવન કરૂ તુજ ચિત્તમા! ત્હારા વિના મુઝાઉ છુ"

"એકાન્ત મળતા આજ મ્હે સૌ ભેદ મ્હારો ખોલીયો,
આલિંગ! શાન્તિ આપ! સત્વર સમય થોડો બહુ રહ્યો
ક્ષણ એક તે મ્હારે મને સૈકા બરાબર લાગતી,
ઉરમા અરેરે! શુ કહુ! તુજ સ્નેહ–શૂળો વાગતી"

પાષાણવત્ પળ એક તો વિક્રમ ચકિત સ્થભી ગયો,
આ ગુચ કેવી અટપટી! ગુચવણ વિષે ગુચવાઇ રહ્યો
બીજી પળે પણ ચતુર એનો પાર સૌ પામી ગયો,
તિરછી નજરથી જોઈ ઉત્તર રાણીને આપી રહ્યો

"ભાભી! અરે! ભાભી! તમે બોલો! બકો! શુ? સાન છે?
સ્વામી તમારો હુ નથી! રણવાસ નહિ, આ રાન છે
નિર્લજ્જ આ શબ્દો કહો, કોને? કઇ એ ધ્યાન છે?
વિક્રમ ઉભો તમ પાસમા! નહિ ભરથરી! એ ભાન છે?"

"હુ ભાનમા પૂરેપૂરી, પ્યારા ! તમે મુઝાવ મા,
મનમા બધુ ભાવે છતા મોઘા નકામા થાવ ના
ઢાલી ઉપરનો ડોળ ! પોગળ દભને છોડો હવે,
ખાલી સમય શાને ખુઓ ? તૈયારી એને * આવવે"

"લ્હાવા લલિત આ'વા બધાને રોજ કઈ મળતા નથી,
એકાન્ત વારવાર આ સજોગ સાપડતા નથી
ભાવે કરી ભેગે નિવારો કષ્ટ પ્રિય ! અનગનુ,
અવસર મળ્યો ! સુખ ભોગવો ! આ પિગળાના સગનુ"

"માતા તમે મ્હારા તમારી શુદ્ધ આજે કયા ગઈ?
હું તો તમારો પુત્ર ક્રૂદ્રષ્ટિ અરેરે ! કયા થઈ?
માતા બગાડે જો નજર સતાન પર તો થૈ રહ્યું,
આ ધરતી પરથી ધર્મનુ સામ્રાજ્ય જાણો સૌ ગયુ"

"આવા અઘટતા વેણ શુ ઉચ્ચારવા તમને ઘટે?
જે પાપ લાગ્યુ ઘોર પ્રાયશ્ચિત કર્યા વિણ ના મટે
'તમ પુત્ર છુ', એ ભાવના અકિત કરો અતરપટે,
સાચી સતી તો તેજ સ્વપ્ને પણ અવરને ના રટે"

"મોહાધ થઇ માતા તમે સદ્ધર્મ ભૂલી જાવ છો,
નીતિ ! સતીનો ધર્મ ! ચૂકી વિષયમા લપટાવ છો.
રે ! મોક્ષ મેળવવો રહ્યો ! શિદ નર્ક પડવા જાવ હા?
અમૃત મળે નહિ છો ! પિવાને ! ઝેર પણ લલચાવ કા?"

* એમને-ભર્તૃહરિને

"સાધુ થવાયે છો નહી ! બસ થાવ સારા માનવી,
દેવી થવુ આઘુ રહ્યુ ! પણ વૃત્તિ આ શી દાનવી ?
વિષયાનુરાગી ચિત્તને વિભુ–પ્રેમમા વાળી લીયો,
પતિ–પ્રેમમા પલટો, અગર, પણ કામને બાળી દીયો"

'શાથી મતિ મારી ગઇ, કે કોણ છુ હુ ? વીસર્યા ?"
આવ્યા પડળ શુ આખ પર, કે પૂણ્ય પરવારી ગયા ?
ક્યા બે ઘડીની લ્હાણુ, માટે ધર્મને નેવે મુકો,
પતિવ્રત ઉપર જળ ફેરવો ! સાથે સતીત્વ વળી ચુકો"

'ઓ ભાઇ ! મ્હોટાભાઈ ! શુ આ આ તમારી નાર કે !
કુલટા તણા સ્વામી થવામા પણ પ્રભુ ! ધિક્કાર છે
ધિક્કાર છે, ફિટ્કાર છે, માતા વધુ કે'તો નથી,
ચેતો હજુ બોલ્યા તમે તે લક્ષમા લેતો નથી"

"સોદા કરા ના શિયળનો અણમુલ નિધિ એ જાળવો,
સ્વામી વિનાનો સૌ સમય સ્વામી–સ્મરણમા ગાળવો
સ્રીઓ શિયળને વેચનારી ! હોય છે વારાગના,
વેશ્યા અરેરે ! શુ સતી ! ભર્તૃહરિની અગના ?"

મન મારતા શીખો...નઠારી વૃત્તિ માતા ફેરવો,
કાઢી વિકારી ભાવ નિર્મળતા નયનમા ઠેરવો
પગલા ભરો સભાળીને ! માતા ! વિષય–કૂપ છે જુઓ !
મેલુ કર્યું નિર્મળ હૃદય પસ્તાઈ અંતરથી ! ધુઓ"

"જે મન-વચનમા ડાઘ લાગ્યો, ધોઇ નાખો તેહને,
સાચા હૃદયના શુધ્ધ પશ્ચાતાપથી શુ ના બને ?
મોહાંધ મા ! જો થાત કેશવ-કાન્ત-પ્રેમે આટલા,
ભાભી ! તમારી ભાગતે આ જન્મ-મર્ણ તણી બલા"

"વ્હાલા ! મ્હને સદ્‌જ્ઞાન આ ત્હારૂ જરી ગમતુ નથી,
કામે બળુ છુ ! કયાય પણ મ્હારૂ હૃદય રમતું નથી
આ શિષ જે માલવપતિ વિણ કોઇને નમતુ નથી
આજે નમે છે તે ત્હને ! ઉર ! વેદના ખમતુ નથી"

પગમા પડીને પિંગળા પટરાણી પાલવ પાથરે
પોતે પડી પૂણ્યાત્માને પાડવા યત્નો કરે
માથાવટીનો ભાગ જાણી જોઇને સરવા દીધો,
છેડો ખસ્યો છાતી ઉપરથી લક્ષમા એ ના લીધો

તિરછા નયણબાણો કરી કામાંધ-મહિલા મારતી,
ઘાયલ થશે ! હમણા વિંધાશે ! એમ મનમા ધારતી
વિખરાયલા શા વસ્ત્ર આછા ! જાગ જાણે કામની !
શુકદેવ-વિક્રમ ! પિંગળા-રંભા શુ દૈવી ધામની ?

પણ આખરે શુકદેવ પાસ હતાશ જયમ રંભા બની,
સિદ્ધાર્થ પાસ નિરાશ જેવી ઈન્દ્ર-સિધ્ધિઓ બની
ત્યમ પિંગળા ! વિક્રમ-કને બહુ બહુ કર્યુ ફાવી નહી,
તોયે તજી આશા ન ! છેડો ખતીલી લાવી નહી.

“એવો અભાગી કોણ જે આવી મઝા’ નહી ભોગવે?
ગમતી નથી, રાખો! તમારી જ્ઞાનની-ગીતા હવે
આઘો મૂકી ઉપદેશ! આવો પ્રાણવલ્લભ! પ્રેમથી,
આલિંગવું ને ચૂમવું એમાં અધર્મ કશો નથી”

“ગમ્મત ઘડીભર! માણવામાં પાપ લાગે! વ્હેમ એ,
ત્યાં પાપ-પુણ્ય કશું નથી જ્યાં બે-હૃદયમાં પ્રેમ છે
એ પાપ પ્રેત નથી કંઈ! એનાથી આમ ડરો નહી,
પોથી-પુરાણો યાદ પ્રેમ-પ્રસંગ પાન કરો નહી”

‘વ્હાલા! જુઓ અલબેલું યૌવન અંગમાં ઉભરાય છે,
ભીના કર્યા આ ગાલ મેં! એ ત્યાગના સૂચક છે
કોમળ કરો તમ-કંઠમાં પડવા અધીરા થાય છે,
હૃદયેશ્વર [illegible] ભેટવા પ્રિયતમ! [illegible] રહ્યું ય છે’

‘સર્વત્ર પણ પ્રેમનાં! પ્રતિબિંબ [illegible],
જગત [illegible], હું, [illegible] મ્હને તો પ્રેમનાં દેખાય છે
[illegible] રતિ-પતિ,
[illegible] તમારા [illegible] હું [illegible] હતી નથી

“[illegible] હૃદય કેવું! [illegible] કામની મારી અરે!
(પણ) તપભંગ વિશ્વામિત્ર જોજો! મેનકા કેવી કરે!
સિદ્ધાર્થ બુદ્ધ સમાન યૌવન માત્ર મુશ્કેલ છે,
સંયમ અને સંન્યાસ એ નાડી ફોડવાના ખેલ છે”

*માણસનું હૃદય પળ પળે ઊંચું નીચું થાય છે, એ કલ્પના છે

"શંકર થઈ સાધો સમાધિ સર્વ માયા પરહરો,
પણ ભીલડીએ ભોળવ્યા ! એ દાખલો દીલે ધરો
પાસે રહી વહી જાય છે, મદમસ્ત જોબનનો ઝરો,
એમાંથી ઓ તરસ્યા પ્રવાસી ! એક ખોબો તો ભરો"

"સૌન્દર્ય-વાડી આજ મ્હારી મઘમઘી-મ્હેકી રહી,
પચરંગી પુષ્પ પ્રફુલ્લતા બહુ બ્હેકથી બ્હેકી રહી
આજે ઉતારો ! માન માગો શું ? મુસાફીર ! અહીં કરો,
આવો ! વિસામા લ્યો જરા ! શોભા જુઓ, સઘળે ફરો"

"પૂરો હૃદયને પિંજરે મેના ! તમે પોપટ-પતિ !
એકાન્ત આ ! જોનાર તમને કે નહિ કાંઈ નથી
સાંકળ સુશોભિત સ્નેહની ગમતી નથી શું [illegible] ?
આવો ! બતાવું એક વસ્તુ આપને હું અવનવી"

"કામાંધ સત્તા બહુ થયા ! [illegible], [illegible],
ભર્તૃહરિને લાત ! [illegible] નહિ સહે
આ [illegible] વ્યાપી ર[illegible] દગા-[illegible] તે,
જેની બધાને [illegible] છે [illegible] મ્હને પણ બ્હીક છે'

'આકાશ અવનિ પર પડે ! ગંગા [illegible] અવળી વહે,
ધરતી રસાતળ જાય દુનિયા રાતને [illegible] કહે
ઊગે રવિ પશ્ચિમ દિશામાં (ને) પૂર્વમાં જો આથમે,
છો ! દેવને દુનિયા દમે ! દાનવ તણે ચરણે નમે"

"છો ! દેવ-દર્શન સ્વર્ગમા સીડી મુકી દુનિયા કરે,
*ધૂલિ ઉડાડી સૂર્યને ઝાખો કદી કોઇ કરે
રાણી તમે (તો) શુ ? ઇંદ્ર-ઘરથી અપ્સરાઓ ઊતરે,
'પરનાર મ્હારે માત' વિક્રમ આખ ના ઉચી કરે"

"વિષ્ણુ પધારે મોહીની-રૂપે કદી છળવા મ્હને,
(તો) વિક્રમ ઉભો રે' બ્હેન ! સબોધન કરી પણ એમને
ત્યા સુન્દરી ! સૌન્દર્ય (તે) ત્હારૂ શી ગણત્રીમા પછી ?
વિક્રમ ઉભો ! આ પ્રેમઘેલો ભરથરી ત્હારો નથી"

"ચેતાવુ મ્હારા ભાઇને ! નક્કી હવે આ વાતથી,
વાકેફ ત્હારા (આ) કૃત્ય-કાળાથી જરાયે જે નથી
(તુ) આવી કલકીત રાજમાતા (આ) રાજમા નહી કામની,
+કીર્તિ ઘટે ! માલવપતિ ને માળવાના નામની"

"માતા ગણી છે, ને ગણુ છુ, સાક્ષી એનો શ્રી હરિ,
અપવિત્ર આખે જન્મમા જોયુ નથી ઝાખી જરી
તોપણ અરેરે ! નીચ ! ×નિર્લજ ! માગણી કેવી કરી ?
પતિ ને પ્રભુની આખમા તુ બેવફા આજે ઠરી"

'અફસોસ ! કેવા સ્નેહથી મમ ભાઇ ભોળો મ્હાય છે !
ગગા સમાન પવિત્ર ગણવામાજ ગોથા ખાય છે
અમૃત માની આવતો, તેને હળાહળ પાય છે,
સમજી સતી ! (ત્હને) એ અધ વિશ્વાસે ! અપાર ઠગાય છે"

---

*ધૂળ +કિમત ×નિર્લજ્જ=નફ્ફટ

આવુ વદી જ્યા વિક્રમે છોડી જવા પગલા ભર્યા,
ત્યા પિંગળા ચેતી ગઈ ને હાવભાવો સૌ ફર્યા
વિક્રમ જતો રોકી, હસીને હેતથી બોલી પછી,
"કેવા ઠગ્યા ! આબાદ વા' ! આજે અહા ! મ્હે દિયરજી !"

"સમજુ ! ચતૂર હશો દિયરીયા ! એમ હુ તો માનતી,
પણ બેઉ સરખા બાધવો ! કો સ્ત્રી-ચરિત્ર ભણ્યા નથી
ભોળા તમારા ભાઈ ને ભોળા તમે પણ છો ભલા,
પુષ્કળ ભણ્યા ! પ્રમદા-ચરિત્રે ! તોય મારો *વેવલા"

"સમજ્યા ? દિયરજી ! સૌ ભણ્યા પણ એક આ બાકી હજુ,
એના ભણ્યા વિણનુ તમારૂ ધૂળ છે ભણતર બધુ
હુ તો જરા જોવાની ખાતર ! +પારખુ જોતી હતી,
પાણી તમારૂ કેટલુ છે ? માપ તેનુ માપતી"

"આકી કસોટી ! મન તમારૂ આજ મ્હે જોઇ લીધુ,
સાથે જરા સ્ત્રી-ચરિતનુ પ્હેલુ ચરણ શિખવી દીધુ
અચળિત તમારૂ મન પૂરૂ મ્હે પારખ્યુ ! બહુ ધન્ય છે,
જોયો તમારો ભાઈ-ભાભી ઉપર પ્રેમ અનન્ય જે !"

"ખોટુ ન ર્‌હેજ લગાડશો આજે પરીક્ષા મ્હે કરી,
દેજો ક્ષમા અપરાધિની તમ-બધુની (હોઉ) જો હુ ઠરી"
પડવા પગે જવા જાય, ત્યા તો વિક્રમે ઉભી કરી,
ભાભી ! તમે મમ માત ! મ્હોટી ભૂલ મ્હે અરરર ! કરી"

---

*ફાફા +પરીક્ષા

'સમજ્યા વિના! અવિચારી થઇ, બહુ બહુ કહ્યુ મ્હે આપને,
ઓછુ ઉરે નહી આણતા! દેજો 'ક્ષમા' માતા મ્હને"
કરજોડીને એ પિંગળાના ચરણમા વિક્રમ પડયો,
શુ સ્ત્રી-ચરિતની જાળ! કઇક ફસાય! એય ફસી ગયો

હમણા બની જે વાત! ભુલી નાખતા ભૂલી ગયો,
કાલા મધુરા બોલમા ભોળો! ભમી-ભૂલી ગયો
આપ્યુ વચન "આ મશ્કરી! કદી કહુ નહી ભાઇને,'
વિશ્વાસ બેસાડયો ફરી! એ ગત જુઠા જયા ખાઇને

ભર્તૃહરિ આવ્યો પછી, સ્નેહીજનો સાથે મળ્યા,
જાણે ન રાજા 'શુ બન્યુ'? નિજ નયનમા ત્રણેય વળ્યા
ભૂલી ગયો આ વાત વિક્રમ તે પછી આગળ જતા,
પણ બોલ! બાત તાજા! ભાભીના હૃદયમા ખૂચતા.

અપ્રેક્ષક [illegible] ચાં, ને વિ[illegible] નાની રહ્યા,
અપમાનના [illegible] સમના આજ હજુ વાગી રહ્યા
[illegible] યો પાછો [illegible]! આ પિંગળાને તે મને
'નહી ચેન [illegible] વિક્રમા! [illegible] પિંગળા! [illegible] ના મ્હને"

લાગ્યો હૃદે જે ડંખ તે અદ્યાપિ ન વિસરી હતી,
અપમાનની એ આગ ઉરમા બહાર ના નિસરી હતી
આજે સમય આવતા અચાનક સ્મૃતિ તાજી થઈ,
બહુ વખત પરની વાત એ! હમણાજ જાણે ના બની!

*

બોલી સ્વગત "હે વિક્રમા! આવી બન્યુ ત્હારૂ હવે,
બળવુ નિરતર વેરની આગે વધુ ના પાલવે
કયા હુ નહી! કયા તુ નહી! આજેજ એ નિર્ણય કરૂ,
સાચુ જૂઠુ સમજાવીને તુજ ભાઇના કાનો ભરૂ'

નિશ્ચય કરી પાકો હૃદયમા યારને સમજાવીયો,
પોતે ઘડેલો ઘાટ પ્રેમીને પછી બતલાવીયો
ત્યા તો ખબર લાવીછ દાસી કે—'પધારે ભૂપતિ,"
જે સાભળી થઇ અશ્વપાલકની હશે કેવી ગતિ!

રે! [illegible] દારૂના નિશાનો લાલ તે પલટઇ ગયો,
ચ્હેરો ગુલાબી છેક કાળો શાહી જેવો થઇ ગયો
'આવ્યો અહીં હુ ક્યા? અરે ક્યા ભોગ લાગ્યા માહરા,
ઓ મા! મ્હને [illegible]! હુ પાયે પડુ છુ તાહરા'

'શાને પ્રિયા! ત્હારે હવે ના ઓથ [illegible] તણો છે,
તુ બાયડી જ [illegible]! ના! ના જ [illegible] નારણુ જ છે
વાગી જવાના બાગ બાપરીઆ! હવે હા! શુ થશે?
રે! હાય! મ્હારી બાયડી ને ઢોક[illegible] જશે'

કોપે ભરાઇ પિગળા બબડાટ ગાડો સભળી,
પણ શુ કરે? વ્યાકુળ ને વિહ્વળ બની ઊતાવળી
ખાટી પટ્યોંતા ઓગડો જે ખૂબ એ, અનાગરૂ,*
એમા ઉપાડીને પૂર્યો અધારૂ રડેના આકરૂ

*[illegible] વિનાના=[illegible]

દર્પણુ વિષે નિર્ખી બરાબર વસ્ત્ર ને વેણી કર્યા,
ત્યા તો અમરફળ રાય લઇ દરબારથી આવી રહ્યા
દોડી, વધાવ્યા નાથ ! દ્વારે હર્ષથી ભેટી પડી,
"મોડા પધાર્યા કેમ ?" મુગ્ધ કઇક એવુ બડબડી

"વ્હાલે વધાવુ આજ હુ માલવપતિ મ્હારાજને,
માગુ પ્રભુ ! જન્મોજનમ્ આવા પતિ મળજો મ્હને"
પગ ધોઇને પૂજા કરી રાણી ઉતારે આરતી,
કો દેવ-દેવીની ગરજ દાપત્ય-જોડી સારતી

કુમકુમ તિલક ભાલે કરેલુ ભરથરીને શોભતુ,
રમણી-હૃદય જોતા વદન-કાન્તિ પલકભર થોભતુ
શૃગારભુવનમા વિરાજી દેવ-મૂર્તિ તો નથી !
એ દેવ પાસે પિગળા દેવાગના સમ શોભતી !"

પખા વડે પતિદેવને, વા પિગળા નાખી રહી,
"આજ્ઞા પ્રભુ ! શી દાસીને ?" વચનો વિનિત ભાખી રહી
"આજ્ઞા ત્હને ના હોય ! દેવી ! તુ હૃદયમદીરની,
જીતો તમે રહેજો ! થતી જ્યા હાર મ્હોટા વીરની"

"સૌન્દર્યના કીરણુ તમારા સૂર્ય કરતા આકરા,
ત્હારા નયન-બાણો વધે ! કાતીલ કટારીથી જરા !
પાગલ બનાવ્યો છે પૂરો પ્રાણેશ્વરી ! ત્હે પ્રેમમા,
કોણે ભરી અદ્ભુત આ મોહીની ત્હારા નેનમા ?"

"જાદુ ભર્યાં શા આંખમાં જેથી અમે ઘાયલ થયા,
આ નેત્ર-ચાળા શીખવે ! એવા ગુરુ ક્‌હેને કયા ?
પાંપણ તણા પલકારથી શા કાળજે કામણ કર્યાં,
આવીજ ભુરકી નાખવા શુ ભરથરી સાથે વર્યા ?"

"અણિયાળી આંખે અવનવા ! લુચ્ચી અટકચાળા કર્યા,
ચતુરાઇથી ચતુરા તમે ! તન-મન અને હૈયા હર્યા
મંડપ વિષે પણ સ્હેન-ચાળા ખૂબ કીધા'તા ગળ્યા,
કોને જરા ! કે કોણ ? એ ઉસ્તાદજી તમને મળ્યા ?"

"તિરછા નયનના બાણથી ભેદ્યા હૃદય-દુર્ગો તમે,
પ્રેમાળ પિંજરમાં પૂર્યાં ! પ્યારી ! હવે કેદી અમે"
કર ઝાલવા દીધો જરા ! ત્યાં તો મ્હને વળગી પડી,
મ્હારા હૃદય-રથમાં બડી ચાલાક ! તું બેઠી ચઢી"

પ્રેમી પ્રવેશો આ અને આગળ હજુ ભજવઇ રહ્યા,
રીસામણા રાધા-કહ્નૈયાના રસિક શરૂ થયા
વાંકુ જરી કૈં પિંગળાને છેડખાનીમાં પડયું,
ત્યાં તો "મ્હને બોલાવશો ના-જાવ" એ બ્હાનું જડયું

રાજા મનાવે રાણીને "જો માન મ્હારી વાતને,
પાસે હજુ ! હા આવ ! જો કૈં કાનમાં કહું હું ત્હને"
પાસે ગઇ જ્યાં પિંગળા ! ચુમી ભરી ભર્તૃહરિ,
ઉલટી રિસાણી રાણી "લુચ્ચા ! જાવ હા-બા-લ્યો વરી"

"લુચ્ચા ઠગાગએ ઠગી! ભોળી! બનાવી–છેતરી,
અડશો નહી અમને હવે! બોલાવશો ના! હા! ફરી
લુચ્ચાઇ મ્હે જાણી તમારી વાત કે'વાની ખરી,
આવા અડપલા! આમ કરતા! કૈ વિચાર પડે જરી!"

"અપરાધ કરજો માફ! દેવી! દાસનો જો કૈ થયો,"
કહી ભરથરી હી–હી કરી ત્યા ખડખડાટ હસી પડયો
"હે જગ્ત–અબા! આપ તો કરુણાળુ! બહુ કે'વાવ છો,
દ્રષ્ટિ દયામય નહી કરો? શુ આમ છેક રિસાવ છો?"

"આ હાથમા ત્હારી ભુજા ત્હારા પિતુ–માતે મૂકી,
સર્વસ્વ મ્હારી માલીકીની ત્યારથી તુ થઈ ચૂકી
આ દેહ છે મ્હારી પછી કે' પૂછનારો કોણ છે?
મ્હારા વિના! આ ફૂલ! મ્હારા! (ત્હને) સૂઘનારો કોણ છે?"

"વારૂ! નહી બોલે! ખરૂ ને! એમ કે? તો જાઉ છુ,
લે બેસ! ત્યારે ચદ્રિકાને મ્હેલ જઈ હુ આવુ છુ
શુ? સાભળ્યુ કે? જાઉ છુ રે'જે હવે તુ માનમા,'
"જી હા ખુશીથી જાવ બેલાશક પધારો ના તમા"

ફાવ્યો ન દાવે ભરથરી, પાસો અરે અવળો પડયો,
સમજાવવી શી રીત? ત્યા ઊપાય અત્યુત્તમ જડયો
રૂમાલથી છોડી અમરફળ બ્હાર કાઢયુ હાથમા,
દેખાડી તે બોલ્યો—"જરા જો તો ખરી આ પ્રિયતમા!"

"હા ! હા ! કરી કર સાહીને રાણી હૃદય વળગી પડી,
'વસ્તુ અલૌકિક આપને પ્રાણેશ ! એ કયાથી જડી ?'
જ્યારે મનાઇ પિગળા રીસાય ત્યા ભર્તૃહરિ,
"નહી બોલવાની તુ હતી ને ? કેમ બોલી હે ! ફરી ?"

"નખરા કરો કોટી છતા આખર અમારી જીત છે,
ખેચાવ લો'ચુબક સમા એવી અમારી પ્રીત છે
લે બોલ ! 'હુ હારી હવે ! જીત્યા તમે' કેવી મઝા ?
બેસો ! જવુ છે, અમરફળ આ આપવા લઇશુ રજા"

"કયા જાવ છો ? ઊભા રહો, જાવુ હવે સ્હેલુ નહી,
કોને અમરફળ આપવા લઇ જાવ ? કો' મ્હેલુ અહિ.
પરણી અને બાળ્યો અમારો ભવ હવે જાશો કહિ ?
જાવુ હતુ તો હાથ પકડી શીદ કો' લાવ્યા અહિ ?"

"મગાવ્યુ રાણી વ્હાલીએ ! હુ આપવા લઇ જાઉ છુ,
એને દીધો છે કોલ મ્હે ! જઈ આપવા બધાઉ છુ"
"મ્હારા થકી વ્હાલી વધુ કો' કોણ એવી નાર છે ?
મુજથી વધારે કોની સાથે પ્રાણ ! તમને પ્યાર છે ?"

"પ્યારી તમારી કોણ ? ને કયા રે'છ એ ? શુ નામ છે ?
સૌદર્ય એવુ કેટલુ ! જે તમ-હૃદય-વિશ્રામ છે ?"
"સાભળ સુભાગી પિગળા ! શુ રૂપનુ વર્ણન કરૂ !
શીતળ ફુવારો પ્રેમ-પાણીનો જતા પાસે ઠરૂ."

"સૌંદર્યમાં લાલિત્યમાં માધુર્યમાં ત્હારા સમી,
બારે ઘડી મ્હારે મને એ સુન્દરી રે' છે રમી"
"પણ નામ શું ? તે તો મ્હને કોની હૃદયવલ્લભ ! જરા !
અમને બનાવો ક્યારના શું આમ ? બોલો તો ખરા"

"છે પિંગળા પ્યારૂં મધુરૂં નામ એ પ્રમદા તણું,
એની નિકટ ત્રિલોકનું સુખ હું ન ગણુંતીમાં ગણું
તે દિવ્ય દેવી આ રહી સ્થાપિત હૃદયમંદીરમાં,
મૂર્તિ મનોહર દેવીની! તે તુજ બીજી કોઇ ના"

હસતાં ગુલાબી ગાલ પર ધીમો તમાચો મારીયો,
ભર્તૃહરિએ ભોળવી ભામીની-ક્રોધ નિવારીયો
શરમાઇ ગઇ ત્યાં પિંગળા મુખચંદ્ર સે'જ નમી ગયું,
આછું મધુરૂં હાસ્ય નાજુક હોઠ પર વિલસી રહ્યું

આપ્યું અમરફળ ભરથરીએ પિંગળાના હાથમાં,
ક્યાંથી મળ્યું ? વિસ્તારપૂર્વક તે કહ્યું સંગાથમાં
"લાવી કટારી કાપ ને આરોગ જોઉં ? સુન્દરી !
રીઝાવ હમ્મેશાં મ્હને યૌવન અમર ત્હારૂં કરી"

"હમણાં નહીં ! રાખો સ્હવારે સ્નાન-પૂજા સૌ કરી,
આઇશ હું પ્રેમે પછી તમ-ધ્યાન અંતરમાં ધરી"
"વારૂ ! ભલે ! પણ ભૂલજે ના ગાન ગા જોઉં કંઇ !
બહુ વાર વીતી તોય કોકિલકંઠની ઝાંખી નહીં"

નવલશાહ હીરજી.

પ્રકાશક—ઠા. પ્રાણલાલ જીવણદાસ બુકસેલર



શ્રી પ્રાણજીવન પુસ્તકાલય ટાવરરોડ—સુરત

કીમત ૮ આના

ખૂની કોણ. ?

પ્રકાશક—ઠા પ્રાણલાલ જીવણદાસ બુકસેલર પબ્લીશર



શ્રી પ્રાણજીવન પુસ્તકાલય ટાવરરોડ—સુરત

કીમત ૮ આના

ઉંચુ અમરફળ એ મુકી કરમા વીણા લીધી અહા !
મીઠા સ્વરે આલાપથી શરુઆત કીધી પિંગળા !
લહરી પવનની આવતી તે ગાનને ખેંચી જતી,
ગાંધર્વ-કન્યા કિન્નરી તો મ્હેલમા ગાતી નથી ?

" બાળકુવારી "

રાધા — કેડો મ્હારો છોડો છબીલા છલકાશે હા પાણી,
જોજો ! છલકાશે મ્હારૂ પાણી
જળ છલકાશે, ચીર ભિંજાશે, પજવો શુ પર-બાળા
દૂર રહો ! મ્હને ડાઘ લગાડો ! રંગે કૃષ્ણજી કાળા જોજો
શ્રીકૃષ્ણ — ઉભી રહે અની ! નામ શુ ત્હારૂ ? એ તો કહે ગોરી ! ગોરી !
હુ પુછુ પરણી કે કુવારી ? દીલ લીધુ ત્હે ચોરી જોજો
રાધા — જળ જમનાથી ભર્યોરે ઘડૂલો હુ રાધા પનિહારી,
આઘા રહો, અડશો મા મુજને હુ છુ બાળકુવારી જોજો
શ્રીકૃષ્ણ — પાણી પાતી જાને ! ઉતારૂ લાવ ઘડૂલો ત્હારો,
તુ છે બાળકુવારી રાધા ! હુયે બાળકુવારો જોજો
વૃન્દાવનમા વાસળી વાગે એ મ્હારી એંધાણી,
આવી મળજે, એ સાભળવા સમજી કે નહી શાણી ? જોજો
કવિ — રાધાને રોકીને રસ્તે ઊભા પાલવ તાણી,
માગી રહ્યા છે મધુસૂદન એ પાણી પાણી પાણી જોજો
ખેંચ્યો પાલવ, ઘડૂલો ઢોળ્યો રાધા ! રંગ-ભિંજાણી,
કર પકડીને કા'ન કહે "હુ રાજા ! ને તુ રાણી" જોજો

ભર્તૃહરિ — પ્રિયા ! આજે હમેશની માફક સગીતમા બરાબર મજાક અને માધુર્ય નથી. એક બીજી ચીજ ગા જોઉ વારૂ

"મધુ-બંસરી"

હો શ્યામ ! બંસી તમારી બજાવો
આમ આવો, જરા આમ આવો હો

ગમતુ નથી તો ઘડીભર વ્હાલા ! દીલડાં હા ! ડોલાવો,
ગોવિન્દા ! ગાંડાં કરી અમને "વ્હા ! વ્હા ! વ્હા !" બોલાવો હો
આંખમીંચેથી દ્વાર (હૃદયના) ભીડેલાં અજ્ઞાને ! એ ખોલાવો,
જ્ઞાન તણી દોરી બાંધીને ભક્તિ-ઝોલે ઝોલાવો હો
લ્હેરે લલકારો બંસી ! ને સંગીત ધૂન મચાવો,
એના નાદે, નાદે અમને ભાન ભુલાવી નચાવો હો
રાસ રમાડો ! રંગે રસિયા ! તનના ભાન તજાવો,
મોરલીથી મંજુલ સૂર મ્હારા ! "પુષ્પ" ત્રિલોક ગજાવો હો

(હરિગીત)

સંગીત સાથે તાલ ને પલટા ભૂલે છે પિંગળા,
બેચેન જાણું હોય ના ! ઢોંગો કરે છે પિંગળા
ભર્તૃહરિ બોલ્યો, "પ્રિયા ! તું આજ (આમ) કેમ ઉદાસ છે ?
ગાવું નથી ગમતું ખરૂં !" "મિથ્યા પ્રભુ ! આભાસ છે"

"મિથ્યા નથી પણ સત્ય છે, [1]માધુર્ય તુજ કંઠે નથી,
ગાવે ચુકે છે કેમ તું ? શું [2]પ્રકૃતિ સારી નથી ?"
'ક સાર કે'વામાં નથી, માટે જવા દયો (એ) વાતને,
[3]નિર્માલ્ય ! [4]નજીવી ! હશે ! પડતી મૂકો પશ્ચાત એ"

---

૧ મીઠાશ ૨ તબિયત ૩ માલ વગરની ૪ નહી જેવી

મર્માળ શબ્દો સાભળી, રાજાથી રે'વાયુ નહી,
છૂપુ દરદ અર્ધાંગનાનુ સ્હેજ સ્હેવાયુ નહી
પૂછ્યુ "કહી દે શુભ મ્હારાથી શુ એવી ચીજ છે?
દીલ ખોલ આ ગભીર ગમગીની તણા શુ બીજ છે?"

"ઉપચાર કરીએ ચાપતા, નહી રાખ મુઝવણમા મ્હને,
કહી નાખ, જે કઈ હોય તે! ખુલ્લા મને! સોગન ત્હને"
અચકાતી, પાણી આણી આખે ફેલ કરતી અવનવા,
નરમાશથી બોલી, પછી! મુખચદ્ર-ભાવ દયામણા

"કાલે તમે જોવા નગરચર્ચા બહાર ગયા હતા,
ત્યારે તમારા ભાઈ ન્હાના! (આ) મ્હેલમા આવ્યા હતા
અવળી મતિ શુ ઊપજી? કૂદ્રષ્ટિ મ્હારા પર કરી,
તમને કહુ શુ હાય! (એ) કે'વાતુ નથી મોઢે જરી"

'બોલ્યા અઘટતા વેણ ને નિર્લજ્જ માગણી હા! કરી,
પણ મ્હેર શ્રી મ્હાદેવની! કે કિકરી આ ઊગરી
ખોટુ કહ્યુ, (મ્હે) 'આવ્યા તમે' બ્હીવડાવવા કામાધને,
ચાલ્યા ગયા ગભરાઈને! આવે ભરોસો આપને?"

'આવે નહી વિશ્વાસ જાણી કાઈ પણ બોલી નહી,
ગૃહ-એબ સ્વામીનાથ! મ્હે આ જીભથી ખોલી નહી"
કલ્પિત કથા આ સાભળી ભર્તૃહરિ ગુચવઇ ગયો,
"જાગૃત અગર છુ ઉંઘમા હુ?" એજ ભ્રાન્તિમા પડયો.

(સ્વગત)

"દાનત બગાડી વિક્રમે ! વિશ્વેશ ! હુ શુ સાભળુ ?
સાકર ટળી સોમલ બન્યુ ! સત્યાશ એમા શુ ખરૂ ?
અવનીશ ! અક્કલ આજ મ્હારી કામ કૈ કરતી નથી,
આ સત્ય છે ? કે સ્વપ્ન છે ? સમજણ કશી પડતી નથી"

"ના ના, બને નહી વાત ! માન્યામા કદી આવે નહી,
રે ! નિષ્કલકીત સૂર્યમા ! શકા કરો ! ફાવે નહી
વિક્રમ વિશુદ્ધ હૃદય તણો અવકૃત્ય આવુ ના કરે,
જાુઠી હશે શુ પિગળા ? એમા કયુ સાચુ અરે !"

"પણ ના ! વદે ખોટુ ! ચઢાવે આળ ! એને ઝેર શુ ?
આરોપ શાને એ મૂકે ! વિક્રમથી એને વેર શુ ?
હુ જોઉ છુ ભાભી-દિયર એકેકને ચાહે બહુ,
માતા ગણે જ્યા પિગળાને પૂજ્યભાવે ! (ત્યા) શુ કહુ ?"

(પ્રકટ)

"આ વાત ત્હારી ! પ્રિય મ્હારી ! ધ્યાનમા આવે નહી,
જોયુ હશે ત્હે સ્વપ્ન ! જે ભણકાર મે'લાવે નહી
માની શકાયે કેમ ! છે વિશ્વાસ વિક્રમનો મ્હને,
કદિ તુ ચળે, પણ એ ચળે ! એ તો કદાપી ના બને"

"તુજથી વધુ વ્હાલી! મ્હને એના ઉપર વિશ્વાસ છે,
તુ માન કે નહી માન પણ આ સ્વપ્નનો આભાસ છે"
"જોયુ ? હતી હુ જાણુતી, કે કોઇ આ માને નહી,
જુઠ્ઠી પડી કે'વા જતા જરીએ ધરી કાને નહી'

"અબળા હુ મુઈ અભાગણી! જે વાત મ્હે તમને કહી,
ધિક્કાર મ્હારી જાતને કે વાત પેટે ના રહી
જુઠ્ઠી ઠરી હુ હાય! આ જીવન હવે ધરવુ નથી
વિશ્વાસ ઊઠયો! ખોળીયુ વ્હાલુ હવે કરવુ નથી"

"માને પતિ ના પોતિકા! ત્યા લોક તો કયાથી પછી?
જુઠ્ઠી ઠરાવો આપ જ્યા! રાખે બિજા બાકી કદી?
વર્ષો થયા, સાથે રહ્યા, વશ્વાસ તોયે ના પડયો,
શુ અર્થ? અણવિશ્વાસિનીનો *દે' રહ્યો ના રહ્યો"

ઢોંગી ખરાવે આસુડા ધિક્કાર દેતી જાતને,
બાકી ન રાખ્યુ કાઈ પણ સાચી ઠરાવા વાતને
આ આસુડાથી ભૂપ ભોળો ભોળવાઇ સ્હેજે ગયો,
વિક્રમ ઉપર નિજ હૃદયમા શકા ફરી આણી રહ્યો

દોહરો—પ્રથમ નયન-શર આસુડા દ્વિતિય, તૃતિય સોગન,
દિગ્વિજયી ત્રણ શસ્ત્ર આ! સ્ત્રીને દીધા ભગવન્!

---

*દે = શરીર

"સોગન તમારા નાથ ! ખોટી વાત જો આ હોય તો,
આથી વધુ શુ જોઇએ તમને પ્રતિતિ કાન્ત કો'?"
ગદ્ગદ્ સ્વરે રડતી નિહાળી રાજવીએ પિંગળા,
પિગળ્યુ હૃદય બેઠી કરી ભૂમિ ઉપરથી પિંગળા

ચાપી હૃદય સરસી અને આસુ રૂમાલે લૂછિયા,
ભૂલે ભલા ! સ્ત્રી-ચરિતથી ! તો ભરથરી લેખે કયા ?
"રડતી રહે પ્રાણેશ્વરી ! હમણાજ આ હુ જાઉ છુ.
"શુ સત્ય છે ?" એ વાતની સત્વર તપાસ કરાવુ છુ"

"એવી ઉતાવળ શુ પ્રભુ ? બોલ્યા વિષે નહિ ફાયદો,
'થાયુ ન થાયુ થાય ના' ! કિરતારનો એ કાયદો
ઘર ફૂટતા ઘર જાય ! કાઇ એમને કે શો નહી,
મન મોટુ રાખી વાક ન્હાનો લક્ષમા લેશો નહી'

બહુ બોલી ડાહ્યા બોલ શકા હૃદયમા સજ્જડ કરી,
વિક્રમ ઉપર બહુ વ્હાલ છે ! નહિ દ્વેષ જાણે કઇ જરી !
પ્રેમાધ રાજા ક્રોધમા એ મ્હેલને ત્યાગી ગયો,
ને આ પ્રસગ અપૂર્ણ આ ઘટના તણો અહીથી રહ્યો

ઉપજાતિ—વ્હેમી બની રાજવી એ ગયો ત્યા,
કામાંધ એ યાર ! છૂટો થયો ત્યા
"માગી રજા," ઘેર જ્યારે જવાની,
ત્યારે જીહ્વા ત્યા ! ખુલી પિંગળાની.

માલિની—નિજ પતિ નૃપને હા ! કેવી રીતે ચઢાવ્યો ?
ફસવી સ્ત્રી-ચરિતે હા ! બે ઘડીમા બનાવ્યો
નઠતર રુપ કાંટો મૂળથી સાફ કીધો"
અમરફળ દીધુ ને ગુણ સમ્જાવી દીધો
ઉપજાતિ—આરોગી ! થાજો ! અવિનાશી વ્હાલા !
જો ! જો ! પડે જાણ ! ન કોઇને આ
વ્હાનુ નથી કોઇ મ્હને તમોથી,
નીભાવજો પ્રીત કરી અમોથી

(હરિગીત)

લઈને અમરફળ મૂઢ એવો અશ્વપાલ ગૃહે ગયો,
આ ભેટ કરવુ વ્હાલીને ! એવો તરગ ઉરે થયો
ઉજ્જયિનીમા વારાગના પ્રખ્યાત નામ કુલાવતી,
હમ્મેશ જ્યા આ અશ્વપાલકની સવારી આવતી

આપ્યુ અમરફળ હેતથી જઈ અશ્વપાલે ત્યા અરે !
"લલકાર ! એવી ચીજ ! કે અમૃત જેમાથી ઝરે"
બેભાન બબ્બા બ્હારમા પ્યાલી ઉપર પ્યાલી ભરે,
"અમૃત આહૂહાહા !" કહી તે કઠમા ખાલી કરે

મન-અશ્વપાલ મનાવવા સગીત છોડયુ સુન્દરી,
ગગા ન જાણે ગગનથી મ્હાદેવને મસ્તક સરી !
સગીતને ઝોલે અહા ! અત્યત ઝોલાવી રહી,
ડોલે મણીધર મોરલીમા તેમ ડોલાવી રહી.

ગઝલ —(ગરીબોપે દયા રખ્ખો રાહ)

કલાવતી —મરે માશુકને માટે! **જો આશક હો તો એવા હો!**

મીઠી માશુકની યાદી! અહા! આરામની ગાદી,
મરી ફીટે મહોબ્બત પર! **જો આશક હો તો એવા હો!**
હમેશા ધ્યાન એનુ એ! અહરનિશ નામ એનુ એ!
કૂવો વેરે જઇ કબ્રે **જો આશક હો તો એવા હો!**
જુદાઇ ઝીગ્રમા ખટકે! બની પાગલ બધે ભટકે!
કબર પણ પ્રાણ જઇ પટકે! **જો આશક હો તો એવા હો!**
મરે માશુકને ખાતર! જીવે માશુકને ખાતર!
મરી જાણે! જીવી જાણે! **જો આશક હો તો એવા હો!**

*　　*　　*　　*

એ અશ્વપાલ ગયો પછી વેશ્યા મને વીચારતી,
"જે ચીજ દુર્લભ દેવને! આરોગવા લલચાવતી
આવી અનાયાસે વિભુ! તે આજ મ્હારા હાથમા,
ચરણે ધરૂ જઇ ભેટ આ! સદ્ધર્મિ માલવનાથના"

"આરોગી આને અમર થઈ! શુ આજ જીવન ભોગવુ?
ઓછુ કર્યું છે પાપ? કે જીવી વિશેષ વધારવુ?
આ જીદગી પાપી હવે લબાવવી મ્હારે નથી,
આ ભૂમિને દુષ્કૃત્યથી વધુ મારવી ભારે નથી"

"રાજા અમર થઇ ન્યાયથી માલવ—પ્રજાને પાળશે,
લાખો નિરાશ્રિત રંકના નિર્ધનપણાને ટાળશે."
આવા વિચારે ફૂળ લઇ શૃંગારસજ્જ બણીઠણી,
રાજેન્દ્રને ગઇ અર્પવા દરબારભુવનની ભણી

* * *

આ વાત છોડી વાચીએ ભર્તૃહરિએ શું કર્યું ?
જે કાજ ફેંક્યું તીર રાણીએ સર્યું કે ના સર્યું
આવી ઉભો વિક્રમ વડીલ ભ્રાતા કને તેડાવતા,
"આજ્ઞા વડીલ બંધુ!" વધો કરજોડીને એ આવતા

વાણી ખુલી ભર્તૃહરિની રક્તમુદ્રા શું થઇ !
જે લાગણી મનમાં હતી પ્હેલા હવે તે ના રહી
"વિક્રમ ! કહે તું કાલ રાતે કયાં ગયો'તો સત્ય એ
જાણું છું હું, નાહક ન દેતો સ્થાન મુખ અસત્યને"

અવલોકી મુખમુદ્રા અચાનક વ્હેમ વિક્રમને પડયો,
શા માટ પૂછયો પ્રશ્ન આ ? તર્કવિતર્કે એ ચઢયો
કમળો થયેલો હોય તે સૌ કોઇને પીળા જુએ,
દ્રષ્ટિ શુભાશુભ હોય તેવી શુભ અશુભ સૃષ્ટિ જુએ

ફિક્કો પડેલો જોઇને શંકા સબળ થઇ છે મને,
"ફાંફાં શું મારે નીચ પૂરો ઓળખ્યો છે મ્હેં ત્હને
કે' જોઉં કાલે પિંગળાને મ્હેલ શા માટે ગયો ?
માથેછ મ્હોટાભાઇ તેનો ધાક શું વિસરી ગયો ?"

"કૂરદ્રષ્ટિ ભાભી પર કરી ! આંખો ફૂટી ગઇ કેમ ના,
જીહ્વા કપાઇ કેમ નહિ ? ઉચ્ચાર કરતા પ્રેમના"
અણુચિતવ્યો આરોપ **વિક્રમ** સાભળી સ્થભી ગયો,
સમજ્યો નહી ! નાટક બધો શો ભેદનો ભજવાઇ રહ્યો

બહુ ઝાળ લાગી અગમા હિમત કરી બોલ્યો પછી,
"ઓ ભાઇ ! મ્હોટાભાઇ ! શુદ્ધિ આપને શુ કૈ નથી'
કોને કહો ? ને શુ કહો ? એ વાતનુ કૈ ભાન ના !
શુ વાત ? પાયો વાતનો ? શાના બધા તોફાન આ !"

"સમજ્યો ! નિશામા હુ નથી, સપૂર્ણ મુજને ભાન છે,
છે ભોટ નહિ આ ભરથરી ! શુ બોલુ છુ, તે ધ્યાન છે
મુજને ઉડાવે આમ અણજાણ્યો બની ! શુ ફેલ છે ?
ગભીર ન્યાય–વિષય રહ્યો, નહિ બાળકોના ખેલ છે"

"પાપી ! પ્રપચી ! નીચ ! ત્હે વિશ્વાસઘાત મહા કર્યો,
અવળુ સુઝયુ ! બુધ્ધિ બળી ગૈ ! છેક દી ત્હારો ફર્યો"
"ઓ ભાઇ ! બધ કરો તમારૂ બોલવુ સાચુ કહુ,
આગળ હવે નહી સાભળુ ! મ્હોટા ગણી સાખી રહુ"

"જોયા જાણ્યા વિના ! અન્યાય મુજને થાય છે,
આ એકતરફી વ્હેમ ! ચોખ્ખો પક્ષપાત કરાય છે,
શુ ! ન્યાયનો નિર્મળ ઝરો વ્હેતો બધો સૂકાય છે ?
સદ્ધર્મ નીતિ ન્યાય સૌ તમને તજીને જાય છે !"

"*કુમ કુમ તમારી કીકીએ કાજળ ! અરે ! દેખાય છે,
પારસમણી પાસે પડયો પત્થર છતા પેખાય છે
સર્વે જુએ જે સુર્ય ! તે તમને +શશિન્ દેખાય છે,
શકા મ્હને તો આપના ×અસ્તિત્વમા પણ થાય છે"

"મ્હેલા ગુહનો સાબીત કરો ! સાક્ષી પુરાવા કેટલા ?
આરોપી શુ કે' છે ! જરા તેનુય સાભળવુ ભલા !
કોઇ ચઢાવે ત્યમ ચઢી સાહસ કદી કરવુ નહી,
પૂરી તપાસ કર્યા વિના પગલુ કદી ભરવુ નહી"

'વાદી પ્રતિવાદી તણુ કે'વુ બરાબર સાભળો,
દિલથી કરો દુર વ્હેમ ! એ ! નરને બનાવે આધળો"
"બ્હાના જવા દે આ બધા કૈ કાન પર ધરવુ નથી
ભાષણ નીતિનુ ભરથરીને ત્હારૂ સાભળવુ નથી"

"કર કાળુ જા ! બધુ ! ગણીને જીવતો છોડુ ત્હને,
બસ આ પળે ને આ ક્ષણે ! તુ ત્યાગ મ્હારા રાજને
આ ભરથરીના રાજની અદર કદી રે'તો નહી,
જીવે ! મરે ! તુજ ભાઈ મ્હોટો ! એ ખબર લેતો નહી"

"ન્હોતી ખબર વિક્રમ ! મ્હને કે હાય ! તુ આવો હશે !
હા ! ભાઈ થઇને ! મ્હારૂ ! સગ્ગા ભાઈનુ ! ઘર ઘાલશે
વિદ્યા અને વિશ્વાસ પર અફસોસ ! પાણી ફેરવ્યુ,"
"ખોટુ તદન ! ઓ ભાઇ ! તમને કોઈએ આ ભેરવ્યુ"

---

*કકુ +ચદ્રમા ×હયાતી

"જ્યા પેટ પાકયુ(પોતિકુ)બાધવા પાટા પછી ત્યા કયા રહ્યા ?
જ્યા આભ ફાટયુ સાધવા સાધન પછી ત્યા શુ રહ્યા ?
સાબીતી શી માગે વધુ જ્યા પિગળા પોતે કહે,
બહુ બહુ કરો પણ કેટલા દિન પાપ તે છાનુ રહે ?"

વસતતિલકા – જ્યા પિગળા શ્રવણ નામ થયુ છ કાને,
ત્યા સાભરી ! બની ગઇ હતી ! વાત શને
ચેત્યો ચતૂર વીર વિક્રમ "વૈર લીધુ,"
'સ્રી-ચરિત' ! શુ ? પલકમા સમ્જાવી દીધુ

શિખરીણિ —ચરિત્રે ભામાના ! ધીર ! વીર ! નહી કોઇ ફસજો,
મુખે મીઠુ બોલી ! બહુ હસવશે એ ! ન હસજો
લુભાવી સૌન્દર્યે ! ગરદન પરે ઘાવ કરશે,
ભરોસો ભામાના વચન પર મૂકે (તે) નકકી મરશે

"હુ જાઉ છુ ભ્રાતા ! હવે બે બોલ ! મ્હારા સાભળો,
કારણ ? ભવિષ્યે શુ ખબર ? પાછા મળો યા ના મળો.
હમણા કહુ તે સર્વ કડવુ ઝે'ર જેવુ લાગશે,
પણ યાદ કરશો કોઈ વેળા જબરી ઠોકર વાગશે"

"જે પિગળાના પ્રેમમા આખો ગઇ છે આપની,
અદ્રશ્ય થઈ છે સમજ-શકિત પૂણ્યની ને પાપની
તે પિગળા ! પ્યાલી ભરીને ઝે'ર તમને આપશે,
જેને લગાડો (છો) છાતીએ તે તેજ ગરદન કાપશે"

"હમણા નહી માલમ પડે, આંખો નહી આ ઊઘડે,
પણ ભાન ત્યારે થાય ફટકો મસ્તકે જ્યારે પડે
ખત્તા સખત ખાશો, પછી પાછળથી પસ્તાશો તમે,
દિન એક એવો આવશે ! આખો ભરાશે જે સમે"

"હમણા નહિ સૂજે કઈ ! અમૃત અગર એ ઝેર છે,
નહી પ્રેમ ! ફાસો મોહનો, વિષમય વિનાશક લ્હેર છે
દોષિત ગણીને હાલમા બધુ ! મ્હને ધિકકારશો,
પણ વખત આવે ! 'ભાઈ ! મ્હારા ભાઇ ! કહી પોકારશો"

"ચારિત્ર્ય ને વર્તન ઉપર છો ! હાલ શકા આણશો,
એકેક મ્હાગા શબ્દની કિમત સમય પર જાણશો
વેરી હિતૈષી હુ હતો ? કેવો ? તમે વિચારશો,
દિન એક આ શબ્દો બધા સભારી આસુ સારશો"

"કોની થઈ છે કામિની ? કે ભાઈ ! થાશે આપની,
એ યાદ રાખો ! બાળશે આખર ચિતા સતાપની.
વિશ્વાસ વામાના વચન ને વ્હાલ પર કરતા નહી,
કોઇ ભમાવે એમ ! કાચા કાનમા ભરતા નહી"

"લ્યો જાઉ છુ, હુ જાઉ, મ્હોટા ભાઇ ! હા ! સભારજો,
વિશ્વાસ પૂરો મૂકતા પ્હેલા બહૂજ વિચારજો
સેવા વિષે તૈયાર ! પડતા ભીડ કૈ બોલાવજો,
છેવટ કહુ છુ "ભાઇ ! ભાભીથી હવે સભાળજો"

* * * *

માલવભૂમિ ! માલવપતિ ! છોડી ઉભય વિક્રમ ગયો,
માયા-પ્રીતિ સંસારની તોડી અરણ્યે જઈ રહ્યો
બીજે દિને ભર્તૃહરિ રણવાસમાં જ્યારે ગયો,
વિસ્તારીને વીતક પ્રસંગ સખેદ રાણીને કહ્યો.

કલ્પાંત કીધું રાણીએ નિજ ધૂર્તતાને ઢાંકવા,
"ઘેલા પ્રિયુ ! શા દેશપાર-હુકમ દિયરને આપવા ?"
આઘાત લાગ્યો હોય હૈયામાં ન શું ? ત્યમ બોલતી,
પોકળ હૃદય-પડદા બહુ ડુસકાં ભરી ભરી ખોલતી

તવ ભરથરી બોલ્યો, "જવા દે ! થઈ ગયું, તે થઇ ગયું,
આરોગ્યું પેલું અમરફળ કે એમનું એમજ રહ્યું ?"
"ભૂલાય એ તે કે ! તમે પણ શું નાથ ! ગાંડા થયા"
હે દેવ ! આ દેવી તમારા ક્યારના એ બે ગયા '

આ વાત ચાલે છે ત્યહાં પરિચારિકા દાખલ થઇ,
મ્હારાજ કાં'ચ્યું છે નચીવે બ્હારથી વન્દન કહી
"વિક્રમ જતાં માલવ-પ્રજા આખીય ઉશ્કેરઇ ગઇ,
હો-હા યતાં હડતાળ પાડી ! પ્રૂઠ પાછળ જઇ રહી"

'સરદાર ને સેનાપતિ પણ ખુદ ઇચ્છે છે રજા,
એવો ગુન્હો શું ભાઇનો ગંભીર ' જે આવી સજા !"
ભૂપાળ સંભ્રમમાં પડયો બોલ્યો ફરી દાસી પ્રતિ,
"જા જઇ કહે દરબારમાં હમણાં પધારે ભૂપતિ."

ઉત્તર કહાવી પિંગળાનો મ્હેલ નૃપ છોડી ગયો,
ગંભીર ચ્હેરે શોકથી દરબારમાં આવી રહ્યો
બોલ્યો પછી, "સમજુ પ્રજાજન છો ! છતાં આ શું કરો ?
રાજા તમારો ધર્મ ચૂકે ! વ્હેમ દીલે કાં ધરો ?'

"અન્યાય મ્હારા હાથથી નહીં થાય, તેમ નથી થયો,
વિક્રમ વગર વાંકે નથી મ્હારૂં નગર છોડી ગયો
ચાહો તમે, હું ચાહું છું, મ્હારો સગો એ ભાઈ છે
પણ ન્યાય પ્હેલો ને પછી સંબંધ, સ્નેહ, સગાઇ છે"

"આ ન્યાયનું પલ્લું ! ન એમાં પક્ષપાત કરાય છે,
સઘળા સમાન પછી ભલે હો રંક યા તો રાય એ
જેની તરફ ડાંડી નમે ! તરફેણમાં તોળાય તે,
ઉંચકાય જેનું ત્રાજવું તેનેજ શિક્ષા થાય છે'

"મા, બાપ, ભાઇ, બ્હેન, સ્ત્રી, સ્નેહી, સગાના વ્હાલને,
બાજુ મુકાયે ! ન્યાય એક ! ક્રૂમેરથી કંગાલને
પોતે કરેલા કર્મ ભોગવવા બધા બંધાયલા !
છે દોષ એ'ના દૈવનો ! ભાલે લખેલું થાય હા !"

"જે જે સમય નિર્માણ જે ! તે તે સમય તે થઇ રહે,"
દુનિયા ભરી સુખ દુઃખથી કયાં રોજ રડવું પાલવે ?'
મોઘમ વદીને ભરથરીએ સર્વને સમજાવીયા,
"માથું ભમે મ્હારૂં" કહી નિજ મ્હેલ ભૂપ પધારીયા.

* * * * *

આ વાતને વીતિ ગયા છે, બે દિવસ આજે અહા !
સિંહાસને દર્શન થતા માલવપતિ મ્હારાજના
દરબારમા ચર્ચા રસીલી " **પ્રેમ** " પર ચાલી રહી,
ત્યા તો કલાવન્તી અમરફળ સાથ લઇ હાજર થઇ

વારાંગનાએ ઝૂકીને ફળ ભૂપને ચરણે ધર્યું,
પાછા જવાને ! એક પગલુ પણ ન જ્યા પૂરૂ ભર્યું,
ત્યા તો "સબૂર" ધ્વનિ તરત કાને કલાવતીને પડયો,
"કોણે ત્હને આ ફળ દિધુ !" ભર્તૃહરિ પૂછી રહ્યો

"મ્હારાજ ! યોગીએ દીધુ !" "રે'નાર કયાના એ ઋષિ ?
મળવુ મ્હને ! દે મેળવી, એવી ઉરે ઇચ્છા વસી"
"ચાલ્યા ગયા એ તો પ્રભુ" "ત્હારે ગૃહે કયમ આવિયા ?
વૈરાગીએ વેશ્યા–ભુવન શુ જોઇને શોભાવિયા ?"

ઝાંખી પડી વારાંગના વાણી બધી તૂટી રહી,
આ અટપટા પ્રશ્ને કરી બુદ્ધિ બધી ખૂટી ગઈ
શમશેર કાઢી રાજવીએ રકત નેત્રોથી કહ્યુ,
"જાણુ છ હુ ! હા ! પાપ આ ત્હારૂ નથી ઢાંકયુ રહ્યુ"

"તરવારથી ટુકડા કરૂ જુઠ્ઠુ વદી જો ભામિની,
સાચ્ચુ કહી દે ! અમરફળ કયાથી મળ્યુ આ ? કામિની !"
"આપ્યુ તમારા અશ્વપાલે કાલ આવીને મ્હને,
નિર્દોષ છુ, રાજેન્દ્ર હુ ! જાણુ વધુ ના વાત એ"

લાલનો એક્કો.

પ્રકાશક—ઠા. પ્રાણલાલ જીવણદાસ બુકસેલર પબ્લીશર



શ્રી પ્રાણજીવન પુસ્તકાલય ટાવરરોડ—સુરત

કીંમત ૮ આના

સોનેરી જાળ.

પ્રકાશક.—ઠા. માણુલાલ જીવણુદાસ બુકસેલર



શ્રી પ્રાણુજીવન પુસ્તકાલય ટાવરરોડ—સુરત

કીમત ૮ આના

"લાગ્યુ મ્હને અઘટિત ! થઇ વારાગના ! આરોગવુ,
લાવી તમોને ભેટ ધરવા ! એટલુ જાણુ છ હુ"
આજ્ઞા થતા નૃપની અનુચર એક ઘોડારે ગયો,
ક્ષણુમા સભામા રાય–સન્મુખ અશ્વપાલ ઉભો રહ્યો

"સાચ્ચુ કહે ! પાજી ! ત્હને આ અમરફળ કયાથી મળ્યુ ?
જો સ્હેજ પણ જુઠુ વધો ! તો જાણજે આવી બન્યુ"
વારાગનાને જોઇને સૌ હોસ–કોસ ઉડી ગયા,
મ્હોડુ થયુછ દયામણુ ! ને ટાટીયા ધ્રૂજી રહ્યા

માથુ ભમે ! ભણકાર માથે મ્હોતના ! વાગી રહ્યા,
હોચા જીભે ! બહુ બોલવા ઇચ્છા છતાય વળી રહ્યા
'મ મ મ મ મ મ મહારાજ ! કો કો કોઇએ આપ્યુ હતુ,'
"બસ ચૂપ ! કોઇ ! તે કહે એ આપનાર કયુ હતુ ?"

આજ્ઞા કરી પાસે ઉભેલા દાસને ફટ્કાવવા,
જ્યા માર માડયો મારવા ત્યા વાર શી રે' માનવા ?
"પિ પિ પિ પિ ગળા બોલ્યો અને હા ! ભરથરી હેઠે પડયો,
ઉપચાર કીધા અવનવા ત્યારે ફરી સાવધ થયો"

હૈયુ ભરાણુ ભાગ આછો આખનો ભીનો થયો,
શબ્દો પડયા સાચા ! હવે નિજ ભાઇ વિક્રમ સાભર્યો
તદપી તજી હિંમત ન રાયે ! પ્રશ્ન પાપીને કર્યો,
"ત્હારો અને એનો સમાગમ કેમ ? કયા ? કયારે થયો"

વસતતિનકા – મ્હારો ગુન્હો નથી ખરેખર અન્નદાતા !
હુ નિરપરાધીન્ છુ ! દોષિત રાજમાતા
કામે ' દઇ કર નયન ઢાકી દીધા'તા,
ક્યાથી સુજે સવળુ જ્યા અવળી વિધાતા

માબાપ ! હુ ગરીબ સેવક ! દીન પ્રાણી,
આ માર્ગ-દર્શક મ્હને ! અપવિત્ર ગણી
બક્ષો પ્રભુ ' જીવનદાન મને કબુલુ,
આપો ક્ષમા ' જીવનમા ન હવે હુ ભૂલુ

આપ્યુ વચન જ્યા ભૂપતિયે અશ્વપાલે સૌ કહ્યુ,
જે સાભળીને ભરથરીનુ હાથ હૈયુ ના રહ્યુ
"સબધ આડો રાણીને મ્હારાજ ' મ્હારી સાથમા,
જેને લઇ આવ્યુ અમરફળ આ પ્રભુ ' મમ હાથમા"

"વિક્રમ અમારા પ્રેમમા વચ્ચે પ્રભુ ! નડતા હતા,
'આ વાત જાણી જાય તો !' બીલે અમે ડરતા હતા
આરોપ અણુઘટતો મૂકી ' તમને કહ્યુ, કાઢી મૂકયા,"
ઇતિહાસ આવો સાભળી ભર્તૃહરિ બોલી ઉઠયા

'જા...જા.. જવા દઉ જીવતો આ રાજમા રે'તો નહી,
જો પ્રાણની પરવા ' કરે તો નામ પણ લેનો નહી"
છોડી દીધી વારાગનાને ભૂપ મ્હેલ પ્રતિ વળ્યો,
હમ્મેશની માફક જઇને પિગળાને એ મળ્યો

* * *

"વ્હાલી મ્હને એ સાંભર્યું", ખોટું લગાડીશ ના જરી,
પેલું અમરફળ ખાધું એનો સ્વાદ કંઈ કે'તો ખરી?"
"સાકર સમો! શું પૂછવું! મ્હારાજ એમાં તે વળી?
એવી નજીવી વાતમાં શંકા ધરો છો શું બળી?"

"શંકા નથી પણ સત્ય છે, સાચું કહી દે સુન્દરી!
કંઇ રે'મ દૃષ્ટિ! હું ન દેખાડીશ પાછળથી જરી!"
"વિશ્વાસ મ્હારો શું નથી? લ્યો તમ ગળે મમ હાથ છે,
ખાધું ન મ્હે જો હોય તો સોગન તમારા નાથ છે"

સમ ખાઈ ખોટા પિંગળા કર કંઠ–મુક્તા જ્યાં ગઇ,
બે આંખ રાતી ચોળ રાજા ભરથરીની ત્યાં થઇ
તરછોડી નાખ્યા હાથ છોડ્યું અમરફળ રૂમાલથી,
"ખાધું પછી આ તેજ! મ્હારી પાસ આવ્યું કયાં થકી?"

જોતાં અમરફળ પિંગળા! ઝાંખી પડી, સ્થભી ગઇ,
પણ કર્મ કાળું ઢાંકવા બીજી પળે સાવધ થઈ
"વ્હાલા! પ્રતિતિ! જોઇએ તો આ પડેલી આ કટાર છે,
પૂછી જુઓ આ દાસીને પ્રત્યક્ષ એ જોનાર છે"

દાસી પ્રતિ જોઈ મિચી છે આંખ રાણીએ જરા,
પણ જીવ વ્હાલો સર્વને! કોને નહિ કો' તો ખરા!
છૂટી પડી દાસી "મ્હને કયારે બનાવ્યું બાઈજી?
જાણું નહી હું વાત બા...શું અમરફળ કે'વાયજી?"

"હા રે ! અરે હા. હુ ભુલી તું તો બરોબર નહિ હતી
મમ સ્નાન-જળ તૈયાર કરવા ! તે સમય તુ ગઇ હતી"
"ન્હાયા વિના શુ ખાધુ તો?" "ના...ના...ભવ્યુ ભૂલી ગઈ,
એ તો ગઈ'તી યાદ આવ્યુ...કયા ? બરાબર હા નહી"

પોતાની મેળે પિગળા પોતે જુઓ ખોટી પડી,
જુઠું ન જન્મારો ટકે બહુ બહુ ટકે તો બે ઘડી
"શાનો વિચાર કરે ? સકળ કાયા અરે ! કયમ કપતી ?
વાચા તુટે છે બોલતા ઠેકાણુ વદવામા નથી"

"ના...ના અમરફળ નાથ ! એવા તો હજારોયે હશે
કાલે વળી કો લાવશે (એમ) કયા વ્હેમ કરવા પ્રાવશે ?
વ્હાલા ! તમારા વિણ મ્હને સૌ ભાઇ બાપ સમાન છે
આઠે પ્રહર અતર વિષે કેવળ તમારૂ ધ્યાન છે"

"કમજાત ! દુષ્ટા ! પાપિણી ! અટકાવ ત્હારૂ બોલવુ,
આગળ વધુ ઉચ્ચાર ના તુ રાખ મ્હોડુ બોલવુ
પકડાઇ ચૂકયુ પાપ ઢાકયુ એ ન ઢકાશે હવે,
તુજ બોલની કિમત ન કોડી એક અકાશે હવે"

"મુજથી અરે ! એ નીચ એવો અશ્વપાલ વધુ ગણ્યો,
અફસોસ ! સઘળુ હુ ભણ્યો ! પણ સ્ત્રી ચરિત્ર નહી ભણ્યો
પૂરો ભરાઇ કુભ ત્હારા પાપનો ફૂટી ગયો,
*ઐશ્વર્ય સુખ ને આબરૂ ઓ ! કામ ! તુ લૂટી ગયો"

---

*દૈવી વૈભવ

"એવુ કર્યું છે કામ કે દરિયે પડી ડૂબી મરો,
ભારે મરે છે પૃથ્વી ભાર મરી તમે ઓછો કરો
પારસમણી ધાર્યો હતો ! ન્હોતી ખબર પત્થર હશે,
ક્યાથી ખબર આ સ્નેહ સત્યાનાશમા પલટાઇ જશે."

"ધિક્કાર ત્હારી માતને ધિક્કાર ત્હારા તાતને,
ધિક્કાર ત્હારી જાતને ધિક્કાર ત્હારા નાથને
ધિક્કાર આ કૂ-વાતને ધિક્કાર ત્હારા સાથને,
ધિક્કાર ત્હારી ભાતને ધિક્કાર તુજ સગાથને"

'ઓ ! ઓ ! કલકિત કામિની ! ત્હે કમળમુખ કાળુ કર્યું,
મુજ તુજ ઉભયના કૂળમા કામાંધ ! અજવાળુ કર્યું.
બોળ્યુ પિતાના નામને, લજવી જનેતા—કૂખને,
જા...જા ..જતી રે' ..દૂર...થા તુજ બાળ કાળા મુખને"

"પત્થર પડી જનની-જઠરમા કૂળમા અગાર છે,
હોળી જગાવી હાય ! હૈયામા ! ત્હને ! ધિક્કાર છે
રે ! ભાઇ ! જેવો ! ભાઈ વિક્રમ ! ત્હે કઢાવ્યો દૂર ! હા !
નિર્દોષ ને દોષિત ઠરાવ્યો નાર ! ઓછી કૂર ના !"

"વીરો ગયો સગાથથી શોધ્યો ફરી મળશે નહી,
હીરો ગુમાવ્યો હાથથી મોઘો હવે વળશે નહિ.
ત્હે જાળ નાખી મોહની ! પ્રેમાંધ ને પાગલ કર્યો,
(દુષ્કૃત્યનો)દીવો કરી! આજે ફરી આ દેખતો પણ ત્હે કર્યો."

"જ્યા જ્યા નજર નાખુ ભર્યો ત્યા પાપનો ભડાર છે,
કોના સગાવ્હાલા ? વિચારો નાર ને ભરથાર છે !
સાચા હૃદયનો સ્નેહ ના ! દેખાવનો સૌ પ્યાર છે.
નવનિત્ત નથી સસારમા નિસાર માયાગાર છે"

"વિશ્વાસ ! વામાના વચન ને વ્હાલ પર કરશો નહી,
પ્રેમાંધ થૈ પૂરી પરીક્ષા વિણ પગ ભરશો નહી
અમૃતમય ઉપર થકી અદર હળાહળ ઝેર છે,
કાચન અને કાન્તા ઉભયમા કામ-વિષની લ્હેર છે."

"લીસી સપાટી પ્રેમના રસ્તા તણી છે (એ) જાણજો,
તપસી ગયા લપસી તમે સો ચાલતા સભાળજો
આ જીન્દગી ઝેરી બનાવે મૂળ આખો માનજો,
સૌન્દર્ય પર દોડી જતી સયમ વિષે એ રાખજો"

"સસારમા રે'વુ નથી, સન્યાસ લેવો સર્વથા
ચાખી મઝા' આ પ્રેમની એ પ્રેમની ચાખુ મઝા"
પોશાક સર્વ ઉતારીને ભગવા તને રાયે ધર્યા,
અગે ભભૂત લગાવીને વનમા જવા પગલા ભર્યા

ત્યા તો પછાડી પિગળા દોડી અને ચરણે પડી,
ભીના કીધા પગ રાયના કથા ગ્રહી ભગવી રડી
''દુર્ભાગિની યાચે દયા ! અપરાધિની હુ નાથ છુ,
ભૂલ્યા મદનમા ભલભલા ! તો કોણ અબળા જાત હુ ?"

"આ વાર જાવા દયો"! કહી પટરાણી પાલવ પાથરે,
"ભગવાન પણુ ધ્હેલી વખતની ભૂલ માફ પતિ! કરે"
પણુ વેણુ આ અફળાઇ ભિતે ને નિરર્થક સૌ થયા,
ભગવા ધર્યા તે બસ ધર્યા! આજે ગયા! તે હા! ગયા

રણુવાસમા રાણી રડે! ત્રણુસો અને સાઠે તજી,
દરબારમા સન્યાસી વેશે ભરથરી આવ્યા પછી
રોતા સભાજન ને નગરજન રાયને વીંટી વળ્યા,
રાજેન્દ્રને રોતા કકળતા! સર્વ છેવટના મળ્યા

આજ્ઞા કરી રાજેન્દ્રએ શાણા સુમન્ત પ્રધાનને,
"વિક્રમ મળે ના ત્યા સુધી ચલવો બરાબર રાજને
શોધી તમે એ વીરને વાકેફ કરજો (આ) વાતથી,
કે'જો કર્યો છે મૂકત મ્હોટા ભાઇએ અપરાધથી"

'એ નિષ્કલકિત વીરને આ રાજ્ય સ્નેહે સોપજો
કલ્યાણુ હા! કલ્યાણુ હા! કલ્યાણુ સર્વેનુ હજો"

* * * * *

રોતા તજીને રાજવી જગલ વિષે ચાલ્યા ગયા,
ગુરુદેવ ગોરખનાથ ને મચ્છેન્દ્રના દર્શન થયા

"દિક્ષા મ્હને આપો પ્રભુ," કહી ચરણુમા રાજા પડયો,
"હુ કોણુ? કયાથી આવવુ?" વિસ્તારી હાલ બધો કહ્યો
બોલ્યા ગુરૂ મચ્છેન્દ્ર –"બેટા! બાત તેરી ઠીક હૈ,
લેકિન પીછે તુમ લૌટ જાઓ યેહી મેરી શીખ હૈ"

"યહ યોગકા અભ્યાસ ઔર સમાધિ બ્હોત કઠીન હૈ,
ખાના પિના ફૂલ-મૂલ-જલ યહ પહનવા કૌપીન હૈ
ઉપવાસ ભી કરને પડે અરૂ બૈઠના તડકે શિલે,
દુખ હે ઇધર છોટે બડે ખાના મિલે કભી ના મિલે"

"ઋષિરાજ! વેહુ સર્વ એ ચાહે પરીક્ષા તે કરો,
દિક્ષા પછી દેજો પ્રથમ સંશય તમારો જે હરો"
'અચ્છા તભી જા કર પુકારો રાનીકો મૈયા તુમ્હી,
અરૂ માગ કર ભિક્ષા ઇધર આના પિછે બૈઠે હમી"

લઇ એક ચેલો સાથ યોગી-વેશમાં નૃપ એ ગયો,
જઈ પિંગળા-મ્હેલે પ્રથમ પોકાર "મૈયાનો" કર્યો
બેઠી હતી એ બારીએ નિજ નાથ, જોયા રાણીએ,
નીચે પધારી દોડતી ઉભરાય આંખો પાણીએ

યોગેન્દ્ર ભર્તૃહરિ-(ભિક્ષા દેને મૈયા પિંગળા ' રાગ)

પિંગળા-ધિક્કક્' યુવા ધિક્કર્' મૂજને ધિક્ક' કામ વિકારજી,
જેણે રે' ભુલાવી મ્હને સત્યથી, મૂકી પાપ વિચારજી
ભેખ રે' ઉતારો રાજા ભરથરી

ક્ષમા રે! કરો રાજા રંક હું નારી અજ્ઞાન જાતજી,
સાથે રહીને સુધારો મ્હને લજવ્યા માત ને તાતજી-ભેખરે

ભર્તૃહરિ-કપટી પાપી રાણી પિંગળા' બોલે આ શું વચનજી,
રાજ રે તજ્યુ ત્હારે કારણે જો વિચારીને મનજી-ભિક્ષા

તુ રે ખોટી, ખોટુ રાજ ને ખોટો સારો સસારજી,
અલખ જગાવુ વને એકના જેથી પામુ ઉદ્ધારજી–ભિક્ષા

પિંગળા –રહો તો રાજાજી રસોઇ કરૂ જમતા જાઓ સ્વામીનાથજી,
ક્ષીર રે નીપજાવુ ક્ષણુ એકમા જમીએ આપણ સાથજી–ભેખરે,
મઢુલી રચાવુ રંગમ્હેલમા ને એકાન્ત આવાસજી,
ભાવે ભજો ભગવાનને સાથે ભોગ વિલાસજી–ભેખરે

ભર્તૃહરિ –મઢુલી કેવી ને કેવા મ્હેલ હા ! ભોજન ભોગ વિનાશજી,
રામ મળે જો રંગમ્હેલમા કોણ લે સન્યાસજી–ભિક્ષા
વાસી જંગલના જોગી અમે ફરતા ફરતી વાસજી,
આજે અહી ને કાલે ક્યા વળી નહિ ઠેકાણુ ખાસજી–ભિક્ષા

પિંગળા –ભભુતી ચોળી ને ભગવા ધરુ કહો તો પ્રાણાધારજી,
જોગણ રૂપે રે ! સાથે ફરૂ, નવ તરછોડો નાથજી–ભેખરે
ભગવા દેખી રાજા ભરથરી દાવાનળ દિલ થાયજી,
મૈયા કહો ન મ્હારા કંથજી લાગે અંગમા લ્હાયજી–ભેખરે

ભર્તૃહરિ –વધુ રે ! બોલાવે શુ મા ! પિંગળા ! કીધા કર્મ સભારજી,
ભાઇ રે ! જેવા મ્હારા ભાઇને ! કઢાવ્યો દેશપારજી
હવે રે રાજને મેયા શુ કરૂ ?
સુરજ સમો રે ! નિષ્કલકીત લઘુ વિક્રમ વિરજી
કાળુ રે કલક પાપી પિંગળા મૂકયુ ત્હેને ત્હે શિરજી–ભિક્ષા

પિંગળા –વાકી રે ! વિધાતા મ્હને ભૂલવી લખ્યા લેખ લલાટજી
આનુ રે પ્રાયશ્ચિત્ત હુ રે શુ કરૂ ? માર્ગ આપો
પૃથ્વિ માતજી—ભેખરે .

ભર્તૃહરિ–કર્મે લખેનુ ત્યારે ભોગવે કોને દઇએ દોષજી,
કેશવ કરે તે સૌ સારૂ કરે મન વાળીએ સંતોષજી–ભિક્ષા

પિંગળા–ત્રણુસો ને સાઠ નારી આપની બીજી **માનવરાજજી**,
એકને કારણ તેને નવ તજો પાપી પિંગળાને કાજજી–ભેખરે.

ભર્તૃહરિ–નૌકા ઝીલે રે ! રાણી પાણીમા સાત માનન–ભારજી
વધુ રે ! બેસે એક ને બુડે લાગે વાર ન લગારજી
દોષ રે ! કોને તેમા પિંગળા ?

દેતી હોય તો ભિક્ષા દે મ્હને નહિ તો કર ગૃહ ત્યાગજી,
ગુરૂજી ભગાશે રોષે માહરા ચાલી જાય જમાતજી–ભિક્ષા
મોહ છોડી દે મૈયા **પિંગળા** ! હવે કર સતસંગજી,
સગુ રે ! નથી કોઈ કોઇનુ આ સંસાર પતંગજી–ભિક્ષા
ગંગા તટે તે રાણી ઘર કરો ન્હાવો નિરમળ નિરજી
પ્રેમને વાળો **પ્રભુ**મા બંધો ત્યાગો અમુલખ ચીરજી–ભિક્ષા
ભભુતિ ચોળીને ! ઝોળી ભેરવો કરો કાયા–કલ્યાણજી,
ચિતને પરોવો **પરમાત્મ**મા મળે મોક્ષ ! નિર્વાણજી–ભિક્ષા
વિષના પ્યાલા પીધા પ્રીતિના રાણી રહી સંસારજી,
હવે પી જુઓરે **પ્રભુ–પ્રેમના** અમીરસથી ઉદ્ધારજી–ભિક્ષા

(ભર્તૃહરિ નાટકમાથી ફેરફાર સાથે)

* * * *

[હરિગીત]

ભિક્ષા લઇ રાજેન્દ્ર રાણી પિંગળાને મ્હેલથી,
ચાલ્યો બીજીને મ્હેલથી ભિક્ષા લઇ મુશ્કેલથી.
આવાસ ચંદ્રકળા તણે યોગેન્દ્ર જ્યાં આવી રહ્યા,
"ભિક્ષા દીયો મૈયા" પુન પોકાર એના એ થયા

ભર્તૃહરિ — ભિક્ષા દેને મૈય યોગીને

મારા રે ! જોયો નહિ સંસારમાં ખોટા ખલકના ખેલજી
મોહ-માયાના બધા મ્હેલ આ બંધનકર્તા જેલજી,
નાખે જીવોને મોહપાશમાં

ચંદ્રકળા -પાણી રે ! ગ્રહણુ રાય કર્યાં પછી દગો દેવો ન નાથજી
હજુ તો શૃંગાર, બાળા વેશમાં, લગ્ન કંકણુ હાથજી-ભેખ રે
પગનું ભર્યું મ્હે નથી પ્રેમમાં, જોયો નહિ શું સંસારજી !
છેક નમેરા થવું ના ઘટે ! આંખે આંસુની ધારજી-ભેખ રે
પ્રેમનું પગથીઉં નથી ચઢી ત્યાં તો છોડી ન જાવજી,
જન્મારો કેમ જશે બધો ? દયાહીન ન થાઓજી-ભેખ રે

ભર્તૃહરિ -હું રે ! હવે યોગી અરણ્યનો, મૈયા બ્હેન બધી નારજી,
પાણી મ્હે ગ્રહણુ પ્રભુથી કર્યું ! મુખે ૐ ઉચ્ચારજી-ભિક્ષા
માયા રે ! સાચી નવ માન તું, ઝેરી સંસારી લ્હાણુજી,
પ્રીતિ રે જગતની પિત્તળ ગણો, સાચો ઇશ્વરી પ્રેમ પ્રમાણુજી-ભિક્ષા

માથે રે ! રહ્યા, લનાટે લખ્યા, પૂરો પૂવ-સંબંધજી,
પંખી રે ! મેળો ઉડે ને મળે, કાયા કાચો છે પિંડજી-ભિક્ષ

(છેવટે હારી ગણી ચંદ્રકળા ભિક્ષા આપે છે ત્યાંજ માતૃહીન પુત્રી કૃષ્ણાકુમારી આવી પિતાને બાઝી પડે છે)

કૃષ્ણા-બાપુ ! થોભો ! મ્હારી પણ આટલી ભિક્ષા લેતા જાવ

(નોટ આપે છે)

—ગાયન—

કૃષ્ણા— પિતાજી ! આ કોપ તમે શો કર્યા ?
જોગી વેશ બાપુ ! શીદને ધર્યો ?
મરી ગઇ છે માત, વળી જાઓ તાત,
પિતા ઓથ કોની છે ? ઓરમાન માત
લડાવશે લાડ પછી મ્હને કોણ ?
પ્યારી પુત્રી ! આવો બા ! કહેશેજ કોણ ?
કુંવારી હું તો છું તમારી સુતા,
વરાવી હજુ ક્યાં ? વિચારો પિતા
અસાર સંસાર ! તમે છો આધાર,
પિતાજી જુઓ સંભારી તમ પ્યાર
નબાપી કરી બાપૂ ! જાશો નહી,
પિતા પાછળ નહી જીવું હું તો સહી

ભર્તૃહરિ—બેટા કૃષ્ણા મ્હારી ન દીલગીર થા,
પ્યારી પુત્રી મ્હેલે તુ જા મ્હારી બા !
હવે કૃષ્ણા ! મુજને ન જાણુ ત્હારો બાપ,
જોગી જાણી હવે તુ તજી દે વિલાપ
અશાશ્વત આ દેહ અમગળ અતિ,
તજી મોહ ભજજે તુ ઉમયાપતિ
એ છે મ્હારી શીખ સુતા દીને આણુ,
બીજી વાતો જગતની મિથ્યા પ્રમાણુ

(ભર્તૃહરિ—નાટક)

[હરિગીત]

રડતી તજી કૃષ્ણા સુતા ! રાજેન્દ્ર એ ચાલ્યો ગયો,
માલવપતિ ભર્તૃહરિ રાજા ટળી યોગી થયો
વિધવા કરી માલવભૂમિ સૌભાગ્ય—સ્વામી(એનો) હા ગયો,
રે ! માળવાના ભાગ્યનો સૂર્યાસ્ત જાણે ના થયો !

દિક્ષા લઈ ગુરુદેવ પાસે રાજયોગી એ થયો,
ખાધું અમરફળ જે થકી અદ્યાપિ એ જીવતો રહ્યો
યોગેન્દ્રના સદ્‌બોધથી સુધરી ગઇ એ પિંગળા,
સાધુ જીવન ગાળી પછી સ્વર્ગે સિધાવી પિંગળા

વિક્રમ મળી આવ્યો ! સચીવે વાત તેને સૌ કહી,
જેણે (પછી) નીતિસર માળવાની રાજ્યગાદી ભોગવી
રાજેન્દ્ર એ ભર્તૃહરિ ! યોગેન્દ્ર એ ભર્તૃહરિ !
ભોગી ગણો યોગી વિરાગી રાગી શ્રી ભર્તૃહરિ !

શૃંગાર નીતિ ન્યાયના શતકો લખ્યા ભર્તૃહરિ,
વૈરાગ્યનો અંતિમ શતક રચનાર પણ ભર્તૃહરિ
કે'વાય છે આજે હજુયે અમર એ ભર્તૃહરિ,
વંદન ! નમન ! માલવપતિ યોગેન્દ્ર ! રાજા ભરથરી !

કરજોડી કોટી વંદનો ! કિરતાર તું રચનાર છે,
સર્વજ્ઞ તું ! અલ્પજ્ઞ બાળક ! "પુષ્પ" તો હથિયાર છે,
વંદન અનેકાનેક હો ! માલવપતિ રાજેન્દ્રને !
વંદન વિભુને ! વિશ્વને ! કંદર્પને ! યોગેન્દ્રને !



વિનાશીની વામા

યાને

રામરાજાનો સર્વ નાશ

મંગાવીને જરૂર વાંચો એક મુસલમાન સ્ત્રીના પ્યારમાં લપટાઈ વિજયનગરના રામરાજાએ કેવી રીતે રાજ્ય ગુમાવ્યું, સ્વધર્મ માટે પોતાના પ્રાણની આહુતી આપનાર આર્ય બાળા અરૂણા કેવી સહનશીલતાથી ઉંધે મસ્તકે ઝાડ નીચે ટીંગાઇ નીચેની અગ્નીજ્વાળા સહન કરે છે તે વાંચતા વાંચતા મોઢેથી ધન્ય ! એવા ઉદ્ગાર સહજ નીકળી પડશે

સારા કાગળ પૃષ્ટ ૩૫૦ કીંમત રૂપીઆ ૩-૦-૦ } નવ સુંદર ચિત્રો વધુ
રફ કાગળ „ „ „ „ ૨-૦-૦ } વિગત જાણવા માટે

સૂચીપત્ર અર્ધા આનાની ટીકીટ મોકલી નીચેને સરનામેથી મંગાવો

પૃથ્વીરાજ ચૌહાણ.

(સચિત્ર)—છપાઇને બહાર પડી ચુકી છે—(કાવ્યમાં)

—દિલ્હીનો છેલ્લો હિન્દુ-નર-કેશરી—

વીર, કરૂણ અને શૃંગાર એ ત્રણે રસોથી રસાંકિત આ ઐતિહાસિક કથા

એક વાર અવસ્ય વાંચો હાથમાંથી મૂકવી પણ નહી ગમે પાને પાને તમારી આંખમાંથી આંસુ પડાવશે

આજેજ લખો—'**શ્રી પ્રાણજીવન પુસ્તકાલય**"

ટાવર રોડ—**સુરત**

અમારા તરફથી બહાર પડેલાં સચિત્ર પુસ્તકો

પોલાદી પંજો (છુપી પોલિસની અદ્દભુત નવલકથા)	૦-૧
સોનેરી જાળ (અદ્દભુત બનાવોની તદ્દન નવીન નવલકથા)	૦-૮
નવલશા હિરજી (તદ્દન નવી સુંદર સાંસારીક નવલકથા)	૦-૮
એ બુરખાવાળી કોણ (નવીન સર્વોત્તમ ડીટેકટીવ વાર્તા)	૦-૧
ખૂની કોણ ? (છુપી પોલીસની વાર્તા)	૦
ન્યુ ફોનોગ્રાફ ગાયનમાળા પૃષ્ઠ ૧૨૮ ભા ૧ થી ૮	
રાજા ભરથરી સુંદર બાર ચીત્રો સાથે હરીગીત છંદમાં	૦-૮
જળસમાધી-વા-દેવી નારદા ચોપાટીનુ અદ્દભુત રહસ્ય	૦-૮-૦
ચોકટનો એકકો યાને તેર પાનાની કેટ	૦-૮-૮
લાલનો એક્કો યાને વીર લુટારૂ (છુપી પોલીસ)	૦-૮-૦
શયતાની લીલા યાને ભેદી પુતળુ (છુપી પોલીસ)	૦-૮-૦
શ્રીકૃષ્ણ ભજનમાળા (ઉત્તમોત્તમ ભજનોનો સંગ્રહ)	૦-૮-૦
વીણાવેલી યાને લલાટના લેખ ભાગ ૧-૨	૧-૪-૦
બૃહત ગરબાવળી પૃષ્ઠ ૩૫૨ (સ્ત્રીઓ માટે ખાસ ઉત્તમોત્તમ ગરબા સંગ્રહ)	૦-૧૨-૦
પ્રારબ્ધ પુરૂષાર્થ બોધ	૦-૮-૦
ખ્યાલ સાગર યાને કલગી તુર્રો ભા ૧-૨	૦-૮-૦
વીનાશીની વામા યાને રામગઢનો સર્વ નાશ, નવ ચિત્રો સાથેની ઐતિહાસીક નવલકથા પૃષ્ઠ ૫૦ છતા મુલ્ય માત્ર } ગ્લેઝ કાગળ	૨-૦-૦
રફ કાગળ	૧-૮-૦
કબીર જ્ઞાન ગીતા યાને કબીર ભજનામૃત	૧-૦-૦
ભજન રત્નાકર (ઉભા ભજનોનુ ઉમદા પુસ્તક)	૦-૬-૦
વીરસીહની વીરતા (ઐતિહાસીક નવલકથા)	૧-૪-૦
આધ્યાત્મિક વાર્તામાળા (ધાર્મીક વાર્તાઓ)	૧-૪-૦
બીરબલ અને બાદશાહ (ફુરસદે રમુજ)	૦-૮-૦
સ્ત્રી ચરીત્ર યાને લલનાની લીલા (સ્ત્રી ચરીત્ર અવશ્ય જાણવુ જોઈયે)	૦-૮-૦

લી૦ વ્યવસ્થાપક—પ્રાણજીવન પુસ્તકાલય ટાવર રોડ-સુરત

મળવાનુ ઠેકાણુ—ઠા પ્રાણલાલ જીવણદાસ બુકસેલર, પચકુવા—સુરત.

પોલાદી પંજે.

સચિત્ર

ડીટેક્ટીવ નવલ કથા


પ્રકાશક:—ઠા. પ્રાણલાલ જીવણદાસ બુકસેલર



શ્રી પ્રાણજીવન પુસ્તકાલય ટાવરરોડ—સુરત

કીમત ૦-૧૨-૦

લાલનો એક્કો યાને વીર લુટ



ડીટેકટીવ દવેના જીવલેણ પરાક્રમોથી

રસીક નોવેલ પૃષ્ટ ૧૨૦

જરૂર મગાવી વાચવા ભલામણ છે
ફક્ત નવ આનાની ટીકીટ બીડો
વેપારીઓને મોટો લાભ અને ઉદાર શર્તો